# ડિસેમ્બર ૨૦૧૪

## Most IMP Current Affairs
















Crack GPSC

www.crackgpsc.com

કરંટ શતક

Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

# ડિસેમ્બર ૨૦૧૪

## We are famous for...

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

www.crackgpsc.com

# Most Imp Current Affairs – December 2014

## ➢ 1st week

- ભૂતપૂર્વ ભારતીય ફૂટબોલ કેપ્ટન બાઈચુંગ ભૂટિયા એશિયન ફૂટબોલ ફેડરેશન (AFC) હોલ ઓફ ફેમ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા. પોતાની ગોલ કરવાની ક્ષમતાને કારણે તેઓ સિક્કિમવાસીઓમાં સ્નાઇપરના નામથી લોકપ્રિય છે. તેઓ ત્રણ વાર ઇન્ડિયન પ્લેયર ઓફ ધ યર રહી ચુક્યા છે. તેઓ તિબેટના આંદોલનના સમર્થનમાં ઓલિમ્પિક મશાલનો બહિષ્કાર કરનાર પ્રથમ ભારતીય ખેલાડી હતા.
- પી વી સિંધુએ વર્ષ 2014નો મકાઉ ઓપન ગ્રાં. પ્રી ગોલ્ડ બેડમિન્ટનનો ખિતાબ જીત્યો. તેઓ સાયના નેહવાલ પછી મલેશિયન ગ્રાં. પ્રી ખિતાબ જીતનાર બીજા નંબરનાં ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી છે.
- ઇંગ્લેન્ડમાં માનવ મળ અને બગડી ગયેલ ખોરાકનો ઇંધણ તરીકે ઉપયોગ કરીને ચાલનાર પ્રથમ બાયો બસ શરુ થઇ. આ સેવા બ્રિસ્ટલ અને બાથ વચ્ચે શરુ થઇ.
- યુનાઇટેડ બ્રેવરેજિસ લિ.ના અધ્યક્ષ વિજય માલ્યાએ મેંગલોર કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર્સના ડીરેક્ટર પદેથી રાજીનામું આપ્યું.
- વર્ષ 2016ના યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપનો મેસ્કોટ (શુભંકર) સુપર વિક્ટરને ઘોષિત કરવામાં આવ્યો. આ મેસ્કોટને એક ફૂટબોલર તરીકે નીલા - સફેદ કપડા અને લાલ ટોપી અને 16 નં.ની જર્સી પહેરેલ બતાવવામાં આવેલ છે. યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપ 2016નું આયોજન 10 જુન 2016થી 10 જુલાઈ 2016 સુધી કરવામાં આવશે.
- અમેરિકન ભૂસ્તર શાસ્ત્રીઓએ પૃથ્વી પર સૌથી વધુ માત્રામાં મળી આવતા તત્વ 'બ્રિજમેનાઇટ'ની શોધ કરી. આ તત્વનું નામ 1946માં ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે નોબલ પુરસ્કાર જીતનાર ભૌતિક વૈજ્ઞાનિક પર્સી બ્રિજમેનના નામ ઉપર રાખવામાં આવ્યું છે.
- અરુણાચલ પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જરબોમ ગામલિનનું નિધન.
- હિન્દી ફિલ્મોના જાણીતા હાસ્ય અભિનેતા દેવેન વર્માનું નિધન. તેમણે હાસ્ય અભિનેતા તરીકે 150થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. તેમને ફિલ્મ 'અંગુર' (1982) માટે ખુબ યાદ કરવામાં આવે છે. તેમને ત્રણ વાર ફિલ્મફેર એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા, જેમાં 'અંગુર'માં ભજવેલ 'બહાદુર'ના પાત્ર માટે મળેલ એવોર્ડ પણ છે.

www.crackgpsc.com

- ઇકોનોમિક ટાઈમ્સ દ્વારા કોર્પોરેટ એક્સેલન્સ એવોર્ડ્સની ઘોષણા કરવામાં આવી.

| | |
|---|---|
| બીઝનેસ લીડર ઓફ ધ યર | દિલીપ શંઘાઈ |
| કંપની ઓફ ધ યર | ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ |
| ઈમર્જીંગ કંપની ઓફ ધ યર | અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ |
| ગ્લોબલ ઇન્ડિયન ઓફ ધ યર | સત્યા નડેલા |
| બિઝનેસ રિફોર્મર ઓફ ધ યર | યુ કે સિંહા |
| કોર્પોરેટ સીટીઝન ઓફ ધ યર | ટાટા સ્ટીલ |
| એન્ટરપ્રેન્યુર ઓફ ધ યર | ધીરજ રાજારામ |

- છત્તીસગઢના સુકુમા જીલ્લાના ચિંતાગુફા વિસ્તારમાં નક્સલવાદીઓના હુમલાથી એક ડઝનથી વધુ જવાનો મૃત્યુ પામ્યા અને અન્ય મોટી સંખ્યામાં ઘાયલ થયા.

લાઇક કરો : https://www.facebook.com/crackgpsc

- કેન્દ્રીય ગૃહ ખાતાના નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ના ડીરેક્ટર જનરલ તરીકે ઓ પી સિંહની નિમણુકને મંજુરી આપવામાં આવી.
- યુએઈના કેપ્ટન ખુર્રમ ખાન એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં સદી મારનાર સૌથી મોટી વયના ખેલાડી બન્યા. તેમણે અફઘાનિસ્તાન વિરુદ્ધની જીતમાં સદી મારી. તેમણે આ રેકોર્ડ 43 વર્ષ 162 દિવસની ઉંમરમાં બનાવ્યો અને શ્રીલંકાના સનથ જયસુર્યાનો રેકોર્ડ તોડ્યો. જયસુર્યાએ ભારત વિરુદ્ધ 2009માં 107 રનનો દાવ રમ્યો હતો. ત્યારે તેઓ 39 વર્ષના હતા.
- 1 ડીસેમ્બર 2014ના રોજ સમગ્ર વિશ્વમાં 26મો વિશ્વ એઇડ્સ દિન ઉજવવવામાં આવ્યો. પ્રથમ વિશ્વ એઇડ્સ દિન 1988માં યોજવામાં આવ્યો હતો.
- સિંગાપુરે 2015માં પોતાની સ્વતંત્રતાની 50મી વર્ષગાંઠ ઉજવવા માટે રાષ્ટ્રીય દિવસ ગીતને તમિલ ભાષામાં રજુ કર્યું. તમિલ સિંગાપુરની ચોથી અધિકૃત ભાષા છે.



- આયર્લેન્ડના ફિલ્મ કલાકાર ડંકન કેમ્પબેલે 2014નો ટર્નર પુરસ્કાર જીતી લીધો. તેમણે આ પુરસ્કાર 'કોલ્ડ ઈટ ફોર અધર્સ' માટે જીત્યો. આ વિડિયો આફ્રિકન કળા દર્શાવે છે.
- સિનીયર IPS અધિકારી અનિલ કુમાર સિંહાને સીબીઆઈના ડીરેક્ટર બનાવવામાં આવ્યા. સીબીઆઈના ડીરેક્ટર બન્યા પહેલા તેઓ સીબીઆઈમાં જ સ્પેશિયલ ડીરેક્ટર હતા.



- પરમાણુ સક્ષમ અગ્નિ-IV મિસાઈલનું પરીક્ષણ ઓરિસ્સાના વ્હીલર દ્વિપના પરીક્ષણ રેન્જથી કરવામાં આવ્યું. અગ્નિ-IV જમીનથી જમીન પર પ્રહાર કરનાર મિસાઈલ છે. તેની રેન્જ 4000 કિમીની છે અને તે 20 મીટર લાંબી છે. તેને પહેલેથી જ સેનામાં સામેલ કરવામાં આવેલ છે. અગ્નિ-I (700 કિમી), અગ્નિ-II (2000 કિમી) અને અગ્નિ-III (3000 કિમી) પહેલેથી જ સશસ્ત્ર બળોના શસ્ત્રાગારમાં છે.
- સિંગાપુરે પેટ્રોલ વાહનો માટે યુરો VI ઉત્સર્જન માપદંડોને 2017થી અપનાવવાની ઘોષણા કરી. જયારે ડીઝલ વાહનો માટે તે યુરો VI ઉત્સર્જન માપદંડોને 2018થી લાગુ કરશે. હાલમાં તો પેટ્રોલ અને ડીઝલ વાહનો માટે ક્રમશઃ યુરો VI અને યુરો V માપદંડ છે.
- સેબીએ વૈકલ્પિક રોકાણ ફંડ(એઆઈએફ)ની સ્થાપના માટે 123 સંસ્થાઓને મંજુરી આપી. એઆઈએફ મૂળ રૂપે પૂર્વનિર્ધારિત નીતિઓ મુજબ રોકાણ માટે ભારતીય અને વિદેશી રોકાણકારો પાસેથી કેપિટલ સંયોજનના હેતુથી ભારતમાં સ્થાપવામાં આવી હતી.
- કેન્દ્રીય કેબિનેટે એન્ટી હાઇજેકિંગ બિલ 2014ને મંજુરી આપી. બિલમાં દોષીઓ (હાઇજેકર્સ) માટે મૃત્યુદંડની જોગવાઈ કરવામાં આવી છે. બિલમાં દોષીઓ માટે આજીવન કારાવાસ અને તેમની સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈ છે.
- ટ્રાન્સપરેન્સી ઇન્ટરનેશનલ ઈંડિયા (TII) અનુસાર 175 દેશોમાંથી ભ્રષ્ટાચાર બાબતે ભારત 94મા સ્થાનેથી સુધરીને 85મા ક્રમે આવ્યું. ડેન્માર્ક 92 અંક મેળવીને 2014માં સૌથી ઓછા ભ્રષ્ટ દેશ તરીકે પ્રથમ ક્રમે રહ્યું તેમજ ઉત્તર કોરિયા અને સોમાલિયા માત્ર 8 અંક મેળવીને અંતિમ ક્રમે છે. યાદીમાં ચીન 100મા સ્થાને, પાકિસ્તાન અને નેપાળ 126મા સ્થાને, બાંગ્લાદેશ 145મા સ્થાને અને અફઘાનિસ્તાન 172મા સ્થાને છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે કોલસા ખાણ (વિશેષ જોગવાઈ) વટહુકમ 2014ને બદલવા માટે કોલસા બ્લોક હરાજી બીલને મંજુરી આપી. કેન્દ્ર સરકાર ખાનગી અને સાર્વજનિક ક્ષેત્રની વીજળી, સ્ટીલ અને સિમેન્ટ કંપનીઓની 1993થી 2010 વચ્ચે ફાળવેલ ખાણોનું સંપાદન કરશે. કોઈ પણ પૂર્વ ફાળવણી મેળવનાર કોલસા બ્લોક ફાળવણી સંબંધી કોઈ પણ ગુના માટે દોષી જણાય અને જેને ત્રણ વર્ષથી વધુ કારાવાસની સજા મળેલ છે તે હરાજીમાં ભાગ લેવા માટે યોગ્ય નહિ ગણાય.

- મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વૃદ્ધ કોંગ્રેસ નેતા અબ્દુલ રહેમાન અંતુલેનું અવસાન થયું. તેઓ મહારાષ્ટ્રના પ્રથમ અને એક માત્ર મુસ્લિમ મુખ્યમંત્રી હતા. જો કે સિમેન્ટ કૌભાંડને લીધે મુખ્યમંત્રી તરીકે તેમનો કાર્યકાળ ઓછો રહ્યો અને તે કૌભાંડને કારણે તેમને રાજીનામું આપવાની પણ ફરજ પડી હતી.




- ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈના જન્મ દિવસ 25 ડિસેમ્બરને રાષ્ટ્રીય સુશાસન દિન તરીકે ઉજવવાની ઘોષણા કરવામાં આવી.
- કેન્દ્રીય મંત્રીમંડળે ક્ષેત્રીય ગ્રામિણ બેંક (સુધારો) બિલ, 2013 મંજુર કર્યું. તેમાં ક્ષેત્રીય ગ્રામિણ બેંક (RRB)ની સત્તાવાર મૂડીને 5 કરોડથી વધારીને 500 કરોડ રૂપિયા કરવામાં આવી અને થ્રેશોલ્ડ લિમીટ 25 લાખથી વધારીને 1 કરોડ રૂપિયા કરવામાં આવી. બિલમાં 'ડિરેક્ટરનો કાર્યકાળ બે વર્ષ કરતાં વધુ નહિ હોય અને ફરીથી નામાંકન પાત્ર નહિ ગણાય' એ નિર્દેશ કાઢી નાખવામાં આવ્યો. જો કે આ તેવા ડિરેક્ટર્સ માટે છે જેઓ કેન્દ્ર સરકાર દ્વારા નિમણુક પામેલ નથી. તેમાં કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલ ડિરેક્ટર્સનો કાર્યકાળ મહત્તમ બે વર્ષ રાખવામાં આવેલ છે. તે ઉપરાંત બિલમાં ડીરેક્ટર ફરીથી નામાંકન પાત્ર ગણાશે પરંતુ તે કાર્યાલયમાં ચાર વર્ષથી વધુ નહિ રહે એવું દર્શાવવામાં આવેલ છે.
- સંયુક્ત રાષ્ટ્રે 2 ડીસેમ્બર 2014ના રોજ આંતરરાષ્ટ્રીય ગુલામી નિવારણ દિન ઉજવ્યો.
- એક અભ્યાસ મુજબ એચઆઈવી (HIV)નો ઝડપી ફેલાવો એઇડ્સ ફેલાવવાની તેની ક્ષમતાને ઘટાડે છે.
- આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને દુબઈમાં વર્લ્ડ બ્રાન્ડ સમિટમાં 'એશિયાના સર્વશ્રેષ્ઠ પ્રેરક અને યુવા સામાજિક પરિવર્તનકારી' પુરસ્કાર કરવામાં આવશે.
- મેઘાલય સરકારે બંધારણની આઠમી સૂચીમાં ખાસી ભાષાને સમાવવા માટે એક પેનલની રચના કરી. સમિતિમાં કુલ 15 સભ્યો હશે, જેની અધ્યક્ષતા ઉપમુખ્યમંત્રી આરસી લાલો કરશે.
- ઇન્ડિયન ઓઇલે પંજાબ નેશનલ બેંકને હરાવીને 119મો અખિલ ભારતીય બેટન કપ હોકી ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- પર્યાવરણ કાયદાઓની સમીક્ષા માટે રચાયેલ પૂર્વ કેબિનેટ સચિવ ટી. એસ. આર. સુબ્રમણ્યમની અધ્યક્ષતાવાળી ઉચ્ચ સ્તરીય સમિતિએ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયને પોતાનો અહેવાલ સોંપ્યો. સમિતિએ દેશમાં વિકાસ પરિયોજનાઓ માટે પર્યાવરણ મંજુરીની પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે નવા કાયદા તૈયાર કરવાની ભલામણ કરી.

- સુપ્રીમ કોર્ટે સામાજિક મુદ્દાઓના ઝડપી નિકાલ માટે 'સામાજિક ન્યાય પીઠ'ના નામે અલગ પીઠની રચના કરી. આ પીઠ 12 ડીસેમ્બરથી દર શુક્રવારે બપોર પછી બે વાગ્યે સામાજિક સમસ્યાઓ સંબંધિત બાબતો પર સુનાવણી કરશે. સામાજિક ન્યાય પીઠના સભ્યોમાં ન્યાયમૂર્તિ મદન બી લોકુર અને ન્યાયમૂર્તિ ઉદય લલિત છે.
- ત્રીસ મીટર ટેલિસ્કોપ (TMT) પરિયોજનામાં ભારત પૂર્ણ સભ્ય તરીકે સામેલ થઇ ગયું. ભારત TMT પરિયોજનામાં વર્ષ 2014થી 2023 સુધી 1299.8 કરોડ રૂપિયા આપશે. ભારત ઉપરાંત અમેરિકા, જાપાન, ચીન અને કેનેડા પણ આ યોજનામાં સામેલ છે. ત્રીસ મીટર ટેલિસ્કોપનું નિર્માણ હવાઈમાં મૌના પર્વત પર 4050 મીટરની ઉંચાઈએ કરવામાં આવી રહ્યું છે.
- પ્રોફેસર જીન કે બીઅરના નેતૃત્વમાં સંશોધનકર્તાઓએ દુનિયાનો સૌથી ઝડપી 2D કેમેરા વિકસાવ્યો. આ કેમેરા એક સેકન્ડમાં 100 બિલિયન ચિત્રો ખેંચી શકે છે.
- ભારત અને જાપાને સાઈબર સુરક્ષા અને હરિયાળી ક્રાંતિ અને સંચાર ટેકનોલોજી ક્ષેત્રે સહયોગ કરવાનો નિર્ણય લીધો.
- 43મો નૌસેના દિન 4 ડીસેમ્બર 2014ના રોજ ઉજવવામાં આવ્યો. વર્ષ 1971ના ભારત પાક યુદ્ધ દરમ્યાન કરાંચી હાર્બર પર ઇન્ડિયન નેવીના ઓપરેશન ટ્રાઈડેંટની સફળતા નિમિત્તે દર વર્ષે ચાર ડીસેમ્બરે નૌસેના દિન ઉજવવામાં આવે છે.
- ગુજરાત સરકારે કચ્છ જીલ્લાનાં 353 ગામડાંને સંપૂર્ણ કે આંશિક રીતે અભાવગ્રસ્ત ઘોષિત કર્યાં. 79 ગામડાંને સંપૂર્ણ રીતે અભાવગ્રસ્ત અને 274 ગામડાંને આંશિક રીતે પાણીની અછતથી પ્રભાવિત ઘોષિત કર્યાં.
- સિંગાપુરના લોકપ્રિય સમાચાર પત્ર ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સે નરેન્દ્ર મોદીને ભારતના વિકાસ કેન્દ્રી નેતા હોવાને કારણે 'એશિયન ઓફ ધ યર' માટે નોમીનેટ કર્યા.
- બોઇંગ 787 વિમાને એવિએશન બાયોફ્યુઅલ તરીકે પ્રથમ વાર ગ્રીન ડીઝલનો ઉપયોગ કરીને દુનિયાની પ્રથમ ઉડાન પૂરી કરી. ગ્રીન ડીઝલ વનસ્પતિ તેલ, વેસ્ટ કુકિંગ ઓઈલ અને પ્રાણીઓની ચરબીથી બનેલ એક સ્થાઈ બાયોફ્યુઅલ છે.
- અમેરિકન ફૂટબોલ ટીમના ગોલકીપર ટીમ હાવર્ડે યુએસ પ્લેયર ઓફ ધ યર 2014નો પુરસ્કાર જીત્યો. કેસી કેલર પછી ટીમ હાવર્ડ આ પુરસ્કાર જીતનાર બીજા નંબરના ગોલકીપર બન્યા.
- સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠન (UNFAO) દ્વારા 5 ડિસેમ્બર 2014ના રોજ પ્રથમ વિશ્વ સોઇલ ડે ઉજવવામાં આવ્યો. UNFAOએ ગ્લોબલ સોઇલ પાર્ટનરશીપ (GSP) સાથે વર્ષ 2015ને યુએન ઇન્ટરનેશનલ સોઇલ યર ઘોષિત કર્યું.

www.crackgpsc.com




- ભારતે સૌથી મોટા માનવ ધ્વજનું નિર્માણ કરવાનો વિશ્વ વિક્રમ સર્જ્યો. 50000 સ્વયંસેવકોએ મળીને આ ધ્વજનું નિર્માણ કર્યું. આ પહેલાં દુનિયાના સૌથી મોટા માનવ ધ્વજનો 'ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ' લાહોરના સ્પોર્ટ્સ ક્લબ, પાકિસ્તાનના નામે હતો. ત્યાં 28,957 લોકોએ મળીને ધ્વજ બનાવ્યો હતો. આઝાદ ભારતમાં આ પ્રકારનો પ્રથમ રેકોર્ડ છે.
- ભારતના અત્યાધુનિક કોમ્યુનીકેશન સેટેલાઈટ GSAT-16ને ફ્રેન્ચ ગુયાનાના કૌરો સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો. આ સેટેલાઈટ ઈસરો દ્વારા વિકસિત કોમ્યુનીકેશન સેટેલાઈટ પર ટ્રાન્સપોંડર્સની અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે. આ સેટેલાઈટનું વજન 3181.6 કિગ્રા છે અને તેના પર કુલ 48 કોમ્યુનીકેશન ટ્રાન્સપોંડર્સ લાગેલ છે. તેનો કાર્યકાળ 12 વર્ષનો છે જેનો ઉપયોગ સરકારી અને પ્રાઇવેટ ટીવી-રેડિયો સેવાઓ, મોટા પાયે ઈન્ટરનેટ અને ટેલિફોનના સંચાલનમાં કરવામાં આવશે. ટ્રાન્સપોંડર્સની ક્ષમતામાં ઉણપને લીધે ઈસરોએ વિદેશી ઉપગ્રહો પાસેથી 95 ટ્રાન્સપોંડર્સ લીઝ પર લીધેલ છે અને તેનો ઉપયોગ મુખ્યત્વે પ્રાઇવેટ ટેલિવિઝન બ્રોડકાસ્ટર્સ માટે કરવામાં આવે છે. તેનું નિર્માણ સ્પેસ સિસ્ટમે કર્યું છે અને તેનો હેતુ અમેરિકામાં ડાયરેક્ટ ટુ હોમ ટીવી બ્રોડકાસ્ટર્સને તેની સેવાઓ પૂરી પાડવાનો છે.



- કન્નડ ગાયક નેદાનુરૈઈ કૃષ્ણમૂર્તિનું અવસાન.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે પાકિસ્તાની ઓલરાઉન્ડર મોહમ્મદ હફીઝને ગેરકાયદેસરની બોલિંગ એક્શન માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બોલિંગ કરવા માટે મનાઈ ફરમાવી. બાયો મિકેનિક ટેસ્ટમાં એ સામે આવ્યું કે હફીઝ બોલિંગ કરતી વખતે પોતાની કોણીને 15 ડિગ્રીથી વધુ ફેરવે છે.




www.crackgpsc.com

## ➢ 2nd week

- ભારતે પાકિસ્તાનને હરાવીને ચોથો દ્રષ્ટિહીન ક્રિકેટ વિશ્વ કપ જીત્યો. ભારતીય ટીમના કેપ્ટન શેખર નાઈક હતા. દ્રષ્ટિહીન ક્રિકેટ વિશ્વ કપ પહેલી વખત વર્ષ 1998માં રમવામાં આવ્યો હતો જેમાં દક્ષિણ આફ્રિકા જીત્યું હતું. ભારતમાં દ્રષ્ટિહીનો માટે ક્રિકેટ સંઘ બેંગલુરૂ સ્થિત બિન સરકારી સંગઠન 'સમર્થનમ' ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે.
- બ્રિકસ અને અન્ય વિકસતા અર્થતંત્રોનાં વિશ્વવિદ્યાલયોના લેટેસ્ટ રેન્કિંગમાં ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સને ભારતની અવ્વલ યુનિવર્સીટીનો દરજ્જો મળ્યો. ધ ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) રેન્કિંગ્સ 2015માં સામેલ કુલ 100 વિશ્વવિદ્યાલયોમાં બેંગલુરુ આધારિત IISCને 25મું સ્થાન મળેલ છે. આ યાદીમાં સર્વોચ્ચ સ્થાન ચીનની પેકિંગ યુનિવર્સિટીએ મેળવેલ છે.
- ચીનમાં 2020 સુધી 8,500 કિગ્રા લાંબુ મેટ્રો રેલ નેટવર્ક તૈયાર થઇ જવાની શક્યતા છે અને તે સાથે જ તે વિશ્વનું સૌથી મોટું નેટવર્ક બની જશે.
- વિપ્રોના અધ્યક્ષ અજીમ પ્રેમજીને સ્વિસ એમ્બેસેડર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. પ્રેમજીને પ્રેરણાદાયી અને સામાજિક નેતૃત્વ માટે સન્માન આપવામાં આવ્યું.
- એમઆરએફ લિમિટેડ ઓફ ઇન્ડિયા ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015નું વૈશ્વિક ભાગીદાર બનશે. ICCના અધ્યક્ષ એન શ્રીનિવાસન છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પરમાણુ હથિયાર મુક્ત વિશ્વની સ્થાપના અને પરમાણુ નીરસ્ત્રીકરણની પ્રતિબદ્ધતાઓના અમલમાં તેજી લાવવા માટે એક પ્રસ્તાવ પાસ કર્યો.
- પૂર્વ ક્ષેત્રએ પશ્ચિમ ક્ષેત્રને હરાવીને દેવધર ટ્રોફી જીતી.
- ભારત અને રશિયાએ મલ્ટી રોલ ફાઈટર એરક્રાફ્ટની ડીઝાઇન્સ બનાવવા, વિકાસ કરવા અને નિર્માણ કરવા માટે એક આંતર સરકારી સમજુતી કરી. આ સિવાય ભારતીય ફાઈટર પ્લેન્સ મિગ 21ને ચરણબદ્ધ રીતે કાઢી નાખવામાં આવશે.
- કેન્યાના દોડવીર અમોસ મેંડીએ પુરુષ વર્ગમાં 29મી પુણે આંતરરાષ્ટ્રીય મેરેથોન જીતી. કેન્યાની નેન્સી વાંબુઆએ મહિલા વર્ગમાં હાફ મેરેથોન જીતી. વર્ષ 2014 માટે પુણે આંતરરાષ્ટ્રીય પૂર્ણ મેરેથોનનો વિષય વિશ્વ શાંતિ હતો. આધ્યાત્મિક દાદા જેપી વાસવાનીને વૈશ્વિક સ્તરે શાંતિ ક્ષેત્રમાં તેમના યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા.
- સંયુક્ત રાષ્ટ્રએ 5 ડિસેમ્બર 2014ના રોજ આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ (ઇન્ટરનેશનલ વોલન્ટીઅર ડે) ઉજવ્યો.
- દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ ખેલાડી જેક કાલિસને ઇન્ડિયન પ્રિમીઅર લીગ ટીમ કોલકાતા નાઈટ રાઈડરના મેન્ટર અને બેટિંગ સલાહકાર નીમવામા આવ્યા.

www.crackgpsc.com

- બ્લૂમબર્ગ બિલિએનર્સ ઇન્ડેક્સ અનુસાર વોરન બફેટ દુનિયાના બીજા નંબરના સૌથી અમીર વ્યક્તિ બન્યા. તેમણે મેક્સિકોના વેપારી કાર્લોસ સ્લીમને પછાડીને આ સ્થાન મેળવ્યું. હાલમાં બિલ ગેટ્સ વિશ્વના સૌથી અમીર વ્યક્તિ છે.
- સમગ્ર ભારતમાં મહાપરિનિર્વાણ દિવસ 6 ડિસેમ્બર 2014ના રોજ ઉજવાયો. દેશભરમાં 6 ડિસેમ્બરને ડૉ. બી આર આંબેડકરની પૂણ્યતિથિની યાદમાં મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- ચીને પોતાના પાડોશી દેશો સાથે દક્ષિણ ચીન સાગરમાં સમુદ્રી વિવાદના સમાધાન માટે સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થતાને રદ કરી.
- હોકી ઓલિમ્પિયન ગૃહનંદનસિંહનું અવસાન થયું. નંદીસિંહના નામથી પ્રખ્યાત ગૃહનંદનસિંહ ભારતીય ફિલ્ડ હોકી ખેલાડી હતા.
- જસ્ટીસ સરદાર મોહમ્મદ રઝા ખાન પાકિસ્તાનના નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત.
- સશસ્ત્ર સેના ધ્વજ દિવસ 7 ડિસેમ્બર 2014ના રોજ સમગ્ર દેશમાં ઉજવાયો. વર્ષ 1949માં રક્ષા મંત્રીની સમિતિ દ્વારા દર વર્ષે 7 ડિસેમ્બરે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- પ્રણવ મિસ્ત્રીને સેમસંગના ઈલેક્ટ્રોનિક્સના વૈશ્વિક ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ હાલમાં સિલિકોન વેલીમાં સેમસંગના અમેરિકન રીસર્ચ યુનિટમાં ઉપાધ્યક્ષ તરીકે કામ કરે છે અને સેમસંગ થિંક ટેંકના પ્રમુખ છે. ગુજરાતમાં જન્મેલ 33 વર્ષીય પ્રણવ મિસ્ત્રી સેમસંગ ઈલેક્ટ્રોનિક્સના વૈશ્વિક ઉપાધ્યક્ષ બનનાર સૌથી યુવાન વ્યક્તિ છે. સેમસંગના વર્તમાન વ્યવસ્થાપનમાંથી 350 વ્યક્તિઓમાંથી તેમની પસંદગી થઇ.
- શ્રીલંકાના બેટ્સમેન કુમાર સંગાકારા એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 13000 રન પુરા કરનાર દુનિયાના ચોથા ક્રિકેટર બન્યા. તે સનથ જયસુર્યા પછી 13000 રન પુરા કરનાર શ્રીલંકાના બીજા ખેલાડી છે. સચિન તેંદુલકર અને રિકી પોન્ટિંગ અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com
www.crackgpsc.com

- ફ્રાન્સની ગ્લાડી નોસેરાએ હીરો મહિલા ઇન્ડિયન ગોલ્ફ ઓપન 2014નો ખિતાબ જીત્યો.
- અફગાનિસ્તાનમાં અમેરિકા અને ઉત્તર એટલાન્ટીક સંધિ સંગઠનનું લડાકુ મિશન પૂર્ણ થઇ ગયું. આ મિશન વર્ષ 2001માં અમેરિકામાં 9/11ના આતંકવાદી હુમલા પછી અફગાનિસ્તાનમાં તાલીબાનના નેતૃત્વ વાળી સરકારનો તખ્તો પલટ કરવા માટે શરુ કરવામાં આવ્યું હતું.
- અપ્રચલિત અધિનિયમોને નાબુદ કરવા માટે રીપિલ એન્ડ અમેન્ડમેન્ટ (દ્વિતીય) બિલ, 2014 લોકસભામાં ધ્વનિ મતથી પસાર થયું. આ બિલમાં 90 કાયદાઓને નાબુદ કરવા અને બે કાયદાઓમાં સુધારો કરવાની જોગવાઈ છે.
- રીચાર્ડ રાહુલ વર્મા ભારતમાં અમેરિકાના રાજદૂત બનનાર પ્રથમ ભારતીય મૂળના અમેરિકન બન્યા. રાહુલ વર્મા નેન્સી પોવેલનું સ્થાન લેશે. જેમણે દેવયાની ખોબરાગડે સંબંધિત બાબતે થયેલ વિવાદ પછી માર્ચ 2014માં રાજીનામું આપ્યું હતું. હાલમાં નવી દિલ્હીમાં અમેરિકન દૂતાવાસ ઉપરાજદૂત કેથલીન સ્ટીફન્સના નેતૃત્વમાં છે.
- ભારતીય રીઝર્વ બેંકે રેલવેના મૂળભૂત માળખા અને સુરક્ષા ક્ષેત્રોમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) સંબંધી નીતિ રજુ કરી. ઓગસ્ટ 2014માં રક્ષા ક્ષેત્રમાં વિદેશી રોકાણની સીમા 49% સુધી અને રેલવેના મૂળભૂત માળખામાં 100% સુધી વધારવામાં આવી હતી.
- સ્વદેશ નિર્મિત પિનાક માર્ક 2 રોકેટનું ઓરિસ્સાના બાલાસોરમાં મલ્ટી બેરલ રોકેટ લોન્ચરથી સફળ પરીક્ષણ કર્યું. પિનાક માર્ક 2 રોકેટની અત્યાધુનિક આવૃત્તિની પ્રહાર ક્ષમતા 60 કિમીથી પણ વધુ છે. તે એક મલ્ટી બેરલ રોકેટ છે અને તેને વેપન એરિયા સિસ્ટમના નામથી પણ ઓળખવામાં આવે છે. આ દુશ્મન સેનાની નક્કર વસ્તુઓ અને બંકર વગેરે નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે.

લાઇક કરો : https://www.facebook.com/crackgpsc

- જર્મનીનાં ચાન્સેલર એન્જેલા માર્કેલને આઠમી વખત કન્ઝર્વેટિવ ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પાર્ટીનાં અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. તેઓ વર્ષ 2000થી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયનનાં નેતા અને વર્ષ 2005થી જર્મનીનાં ચાન્સેલર છે. તેઓ આ પદ મેળવનાર પ્રથમ મહિલા છે.
- જેમ્સ ડી વોટ્સન 4.8 મિલિયન ડોલરમાં નોબલ પુરસ્કાર પદકની હરાજીને કારણે ચર્ચામાં રહ્યા. તેઓ નોબલ પુરસ્કાર પદકની હરાજી કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા. તેમણે હરાજીમાંથી પ્રાપ્ત ધનનો અમુક ભાગ દાન કરવાનો અને વૈજ્ઞાનિક શોધખોળમાં આપવાનો નિર્ણય કર્યો. તેમને વર્ષ 1962માં DNAની સંરચનાની શોધ માટે નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમને મૌરીસ વિલ્કીંસ અને ફ્રાન્સિસ ક્રિકની સાથે નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમને વર્ષ 2007માં અશ્વેત આફ્રિકનો માટે પોતાની સાર્વજનિક ટીપ્પણી બાદ સાત વર્ષ માટે બહાર કરી દેવાને કારણે પદકની હરાજી કરવાની ફરજ પડી. આફ્રિકનોની ટીપ્પણી બાદ

વોટ્સનને સાર્વજનિક વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા નહિ અને કંપની બોર્ડમાંથી બાકાત કરી દેવામાં આવ્યા.

- વીજ ઉત્પાદક કંપની એનટીપીસીએ એચડીએફસી બેંક સાથે 2000 કરોડ રૂપિયા તથા સિન્ડીકેટ બેંક સાથે 1000 કરોડ રૂપિયાની ઋણ સમજુતી કરી.
- ફ્રાન્સ અને અમેરિકાએ જર્મન નાઝી સામ્રાજ્યમાં માર્યા ગયેલ યહૂદીઓમાંથી બચી ગયેલ હજારો યહુદીઓ (હોલ્કાસ્ટ સર્વાઇવર્સ) માટે સહાય આપવા માટે 60 મિલિયન યુએસ ડોલરની એક સમજુતી કરી.
- વિશ્વ આર્થિક ફોરમે વર્ષ 2013નો યાત્રા અને પર્યટન પ્રતિસ્પર્ધાત્મકતા સૂચકાંક જાહેર કર્યો. સૂચકાંકમાં સામેલ 140 અર્થવ્યવસ્થાઓમાંથી સ્વીત્ઝરલેન્ડ યાત્રા અને પર્યટન પ્રતિસ્પર્ધાત્મકતા બાબતે યાદીમાં પ્રથમ છે. આ સૂચકાંકમાં ભારત 65મા સ્થાને છે.
- ચીને પરમાણુ પ્લાન્ટના મોટા નેટવર્કના વિસ્તાર માટે પરમાણુ વીજ યોજના (ન્યુક્લિયર પાવર એક્સપેન્શન સ્કીમ)ની શરૂઆત કરી.
- અમેરિકાના થિંક ટેંક ઇન્ટેલ સેન્ટરે કન્ટ્રી થ્રેટ ઇન્ડેક્સના નામથી આતંકવાદી અને વિદ્રોહી ખતરાની બાબતે સૌથી ખતરનાક 45 દેશોની યાદી બહાર પાડી. યાદીમાં ઈરાક પ્રથમ સ્થાને અને પાકિસ્તાન 8મા સ્થાને છે.
- પોસ્ટ ઓફીસ નેટવર્કનો લાભ ઉઠાવવા પર બનેલ સુબ્રમણ્યમ સમિતિએ પોતાનો રિપોર્ટ રજુ કર્યો. સમિતિનો હેતુ બજારની બદલાતી સ્ટ્રેટેજી અને સ્પર્ધાને ધ્યાનમાં રાખતાં પોસ્ટ ઓફીસ નેટવર્કમાં સુધારો લાવવા માટે સલાહ આપવાનો હતો. પોસ્ટ ઓફિસને પ્રતિસ્પર્ધી અને પ્રભાવશાળી બનાવવા માટે સમિતિએ 181 ભલામણો કરી છે. આ ભલામણોમાં નવા પોસ્ટ ઓફીસ કાયદા બનાવવાથી માંડીને ગ્રામ્ય વિસ્તારોમાં પોસ્ટ ઓફીસ નેટવર્ક ફેલાવવા માટે ભારતીય પોસ્ટના કામને વધારવાની પણ ભલામણ છે.
- એસબીઆઈએ બે સૂચકાંક – એસબીઆઈ માસિક કમ્પોઝિટ ઇન્ડેક્સ અને એસબીઆઈ વાર્ષિક કમ્પોઝિટ ઇન્ડેક્સની શરૂઆત કરી.
- ભારત હેવી ઈલે. લિ.એ રવાન્ડામાં 28 મેગાવોટ ન્યાબોરોંગો હાઇડ્રો પાવર પ્લાન્ટ શરુ કર્યો.
- ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબેએ ઉપરાષ્ટ્રપતિ જોઇસ મુજરુને બરખાસ્ત કર્યા. જોઇસ મુજરુને મુગાબેને મારવાનું ષડ્યંત્ર રચવા માટેના આરોપી ઠરાવ્યા. વર્ષ 1980માં ઝિમ્બાબ્વેની આઝાદી પછીથી રોબર્ટ મુગાબે સત્તા પર છે.
- સંયુક્ત રાષ્ટ્રે 9 ડિસેમ્બર 2014ના રોજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર નિરોધ દિવસ ઉજવ્યો. આ દિવસ ભ્રષ્ટાચાર અને તેની નાબુદી માટેના ઉપાયો પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે ઉજવવામાં આવ્યો. વર્ષ 2014ના આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર નિરોધ દિવસનો વિષય 'ભ્રષ્ટાચારની સાંકળ તોડો' હતો.



www.crackgpsc.com

- ભારતીય બંધારણનો પ્રથમ અરબી અનુવાદ કાહિરામાં જારી કરવામાં આવ્યો. આરબ લીગના મહાસચિવ નાબિલ અલ અરબીએ વિદેશ મંત્રાલયના સચિવ અનિલ વાધવા સાથે મળીને આ અનુવાદ જારી કર્યો.
- રણધીરસિંહને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)ના માનદ સભ્ય બનાવવામાં આવ્યા. અશ્વિની કુમાર પછી રણધીર સિંહ IOCના માનદ સભ્ય બનનાર બીજા ભારતીય છે. IOCના માનદ સભ્ય મતદાન અધિકાર વગર પોતાના સત્રમાં ભાગ લઇ શકે છે.
- ભારતના બાળ અધિકાર કાર્યકર્તા કૈલાસ સત્યાર્થી અને પાકિસ્તાનના મલાલા યુસુફ્ઝઈને વર્ષ 2014નો નોબલ શાંતિ પુરસ્કાર સંયુક્ત રૂપે આપવામાં આવ્યો.
- પંજાબ સરકારે જીલ્લા સિવિલ સર્જન પાસેથી પરવાનગી લીધા વગર સ્વાસ્થ્ય શિબિરો કરવા પર પ્રતિબંધ મુક્યો. આ નિર્ણય રાજ્યના ગુરદાસપુર જીલ્લામાં એક શિબિરમાં મોતિયાના ઓપેરેશન પછી એક ડઝનથી વધુ લોકોની આંશિક રીતે દ્રષ્ટિ ગુમાવ્યા બાદ કરવામાં આવ્યો.
- કેન્દ્ર સરકારે સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયામાંથી પોતાની 5% ભાગીદારી પાછી ખેંચી.
- હોમ વિડિઓ ગેમના પ્રવર્તક રાલ્ફ હેનરી બેયરનું અવસાન થયું.
- કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આત્મહત્યાના પ્રયાસ સંબંધિત ભારતીય દંડ સંહિતાની કલમ 309ને રદ કરી. મંત્રાલયે 20મા કાયદા આયોગની ભલામણ પછી ભારતીય દંડ સંહિતાની ધારા 309ને રદ કરવાનો નિર્ણય કર્યો. આ સંદર્ભે આરોપી વ્યક્તિને પહેલાંની જેમ 1 વર્ષની જેલ અને દંડની સજા ફરમાવવામાં નહિ આવે.
- વિશ્વ માનવાધિકાર દિવસ 10 ડિસેમ્બર 2014ના રોજ વિશ્વભરમાં ઉજવવામાં આવ્યો. 2014ના માનવાધિકાર દિવસનો વિષય 'હ્યુમન રાઈટ્સ 365' હતો.
- વરિષ્ઠ IAS અધિકારી અનુરાગ જૈનની ભારતના વડાપ્રધાન કાર્યાલયમાં સંયુક્ત સચિવ તરીકે નિમણુક કરવામાં આવી.
- મોરિટાનિયાના ઈસ્માઈલ ઓલ્દ ચેખ અહમદની યુએન મિશન ફોર ઇબોલા ઈમરજન્સી રિસ્પોન્સના નવા પ્રમુખ તરીકે નિમણુક થઇ.
- ક્યુબાના પૂર્વ નેતા ફિદેલ અલેજાન્દ્રો કાસ્ત્રો રુજને તેમની સેવા નિવૃત્તિ પછી પરમાણુ યુદ્ધને સમાપ્ત કરવામાં તેમના મહત્વપૂર્ણ યોગદાન માટે કન્ફ્યુશિયસ શાંતિ પુરસ્કાર 2014 આપવામાં આવ્યો.
- કે. બી. બિસ્વાસને કેન્દ્રીય ભૂમિ જળ બોર્ડના અધ્યક્ષ બનાવવામાં આવ્યા.
- એસ્સાર ગ્રુપ અને રોજનેફ્ત કંપનીએ કાચા તલની આયાત માટે 10 અબજ યુએસ ડોલરના કરાર કર્યા.

www.crackgpsc.com

- પ્રણવ મુખરજી દ્વારા લેખિત પુસ્તક 'ધ ડ્રેમેટિક ડીકેડ: ધ ઇન્દિરા ગાંધી યર્સ' તેમના 79મા જન્મદિવસ પર ઓનલાઈન જારી કરવામા આવી. આ પુસ્તક રૂપા પબ્લિકેશન દ્વારા જારી કરવામાં આવી. પ્રણવ મુખરજીએ પોતાની પુસ્તકમાં ખુલાસો કરેલ છે કે વર્ષ 1975માં દેશમાં કટોકટી જાહેર કરવી એ તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની ભૂલ હતી. ઇન્દિરા ગાંધીને કટોકટીની બંધારણીય જોગવાઈઓની જાણકારી નહોતી. તેમણે પશ્ચિમ બંગાળના તત્કાલીન મુખ્યમંત્રી સિદ્ધાંત શંકર રાયની સલાહથી આ નિર્ણય લીધો હતો.
- ભારતીય યુવા શતરંજ ખેલાડી ઋષભ શાહે સિંગાપુર ઓપન ચેસ ચેમ્પિયનશિપમાં અંડર-12ના વર્ગનો સુવર્ણચંદ્રક જીત્યો. તે સાથે જ તેઓ આ ખિતાબ મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા.
- દિલ્હી હાઈ કોર્ટે ચાઈનીઝ મોબાઈલ ફોન નિર્માતા કંપની જીઓમી ટેકનોલોજી લિ.ને 5 ફેબ્રુઆરી 2015 સુધી ભારતમાં તેના ડિવાઈસનું વેચાણ કરવા પર પ્રતિબંધ મુક્યો. જીઓમી પર એરિક્શનની પેટન્ટના ઉલ્લંઘનનો આરોપ લગાવવામાં આવ્યો છે. જીઓમી દેશમાં પોતાના સ્માર્ટફોન ઓનલાઈન શોપિંગ રીટેલર ફ્લિપકાર્ટના માધ્યમથી વેચે છે. તે દુનિયાની ત્રીજા નંબરની સૌથી મોટી સ્માર્ટફોન નિર્માતા કંપની બની ચુકી છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસ એકમોના કારખાનાઓ માટે એક લોન ગેરંટી ફંડની સ્થાપનાને મંજુરી આપી. આ ફંડ 500 કરોડ રૂપિયાથી શરુ કરવામાં આવશે. આ ફંડમાં પાંચ ગણી વૃદ્ધિના અનુમાન સાથે પાંચ વર્ષના અંતે તેની કુલ લેવડ દેવડ દર વર્ષે 20,000 કરોડ રૂપિયા થઇ જશે.
- ભારત સહિત 194 દેશો દ્વારા વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં કપાતના રાષ્ટ્રીય સંકલ્પો માટે સામાન્ય સહમતિવાળા સ્વરૂપને પેરુની રાજધાની લીમામાં સ્વીકાર કરવામાં આવ્યું.
- દક્ષિણ આફ્રિકાની મેડિકલ વિદ્યાર્થીની રોલેન સ્ટ્રોસે વર્ષ 2014ની વિશ્વ સુંદરીનો તાજ જીત્યો.  હંગેરીની એડિના ક્લક્સરને ઉપ વિજેતા જાહેર કરવામાં આવી. વિશ્વ સુંદરી સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ મિસ ઇન્ડિયા 2014 કોયલ રાણાએ કર્યું. તેને આ સ્પર્ધામાં 10મુ સ્થાન મળ્યું. તેને 'બ્યુટી વિધ અ પર્પઝ' અને 'બેસ્ટ ડિઝાઈનર એવોર્ડ' આપવામાં આવ્યો. વર્ષ 2000માં પ્રિયંકા ચોપરાને વિશ્વ સુંદરીનો ખિતાબ મળ્યો હતો.
- 15મુ ભારત રશિયા દ્વિપક્ષીય વાર્ષિક શિખર સંમેલન નવી દિલ્હીમાં યોજાયું. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર આયોજિત શિખર સંમેલન માટે ભારત આવ્યા. ભારત અને રશિયાએ સંમેલન દરમ્યાન 20 સમજૂતીઓ કરી. ભારત અને રશિયાએ સરકારી સંસ્થાઓ વચ્ચે આઠ સમજૂતીઓ અને ખાનગી સાહસો વચ્ચે 12

www.crackgpsc.com

સમજૂતીઓ કરી. તેમાં સંરક્ષણ, પરમાણુ ઉર્જા, ઓઈલ અને ગેસ, સ્વાસ્થ્ય અને મીડિયા જેવા કરારો સામેલ છે. કરાર મુજબ રશિયા ભારતમાં 20 પરમાણુ એકમો સ્થાપશે અને ભારતમાં ઉન્નત રશિયન હેલીકોપ્ટર્સ અને સંરક્ષણ સ્પેર પાર્ટ્સનું નિર્માણ કરવામાં મદદ કરશે. બંને દેશોએ આગામી દશકા માટે ભાગીદારીને મજબુત બનાવવા 'દ્રુઝ્બા-દોસ્તી' વિઝના દસ્તાવેજ રજુ કર્યા. પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇંડિયા અને રશિયાની ન્યુઝ એજન્સી તાસે સમાચારના આદાન પ્રદાનમાં સહાય માટે સમજુતી કરાર કર્યા. વ્લાદિમીર પુતિન અને અટલ બિહારી બાજપાઈએ વર્ષ 2000માં વાર્ષિક શિખર સંમેલન શરુ કર્યું હતું. પ્રથમ શિખર સંમેલન અટલ બિહારી બાજપાઈની મોસ્કો યાત્રા દરમ્યાન યોજવામાં આવ્યું હતું.

## 3rd week

- ભોપાલ ગેસ દુર્ઘટનાની 30મી વર્ષગાંઠના અવસરે 'ભોપાલ: અ પ્રેયર ફોર રેન-વર્લ્ડ્સ ડેડલીએસ્ટ ડીઝાસ્ટર' નામની ફિલ્મ વિશ્વભરમાં રજુ કરવામાં આવી.
- કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયે મુંબઈ તટથી દુર અરબ સાગરમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા અને સ્મારકના નિર્માણ માટે મંજુરી આપી.
- એસબીઆઈએ ફ્યુચર ગ્રુપ સાથે સ્ટાઈલઅપ નામનું સહ બ્રાન્ડેડ ક્રેડીટ કાર્ડ લોન્ચ કર્યું. ફેશન બીગ બઝાર ફ્યુચર ગ્રુપની ફેશન પરિધાન કંપની છે. આ કાર્ડ ફેશન પરિધાન પર 10% લાઈફ ટાઈમ છૂટ આપે છે.
- ભારતની રુહી સિંહે મિસ યુનિવર્સલ પીસ એન હ્યુમનિટી 2014નો ખિતાબ જીત્યો.
- જાપાનની મીમા ઈતો અને મીઉ હિરાનૂ ટેબલ ટેનિસ વિશ્વ ગ્રાન્ડ ફાઈનલમાં સૌથી નાની વયની ટેબલ ટેનિસ ચેમ્પિયન બની.
- અનિરુધ્ધ જગન્નાથ છઠ્ઠી વખત મોરેશિયસના વડાપ્રધાન નિયુક્ત. તેઓ લેબર પાર્ટીના વડાપ્રધાન નવીનચંદ્ર રામગુલામનું સ્થાન લેશે.
- જર્મનીએ પાકિસ્તાનને હરાવીને વર્ષ 2014ની ચેમ્પિયંસ ટ્રોફીનો પુરુષ હોકી ખિતાબ જીત્યો.
- ભારતીય ફિલ્મ 'જલ'ને વર્ષ 2014ના ઓસ્કારની બે શ્રેણીઓ માટે પસંદ કરવામાં આવી. આ બંને શ્રેણીઓ બેસ્ટ પિક્ચર અને બેસ્ટ ઓરિજિનલ સ્કોર છે. આ ફિલ્મ પાણીની અછતની પૃષ્ઠભૂમિ પર આધારિત છે.
- ભારતીય ચેસ પ્લેયર વિશ્વનાથ આનંદે બ્રિટીશ ગ્રાન્ડ માસ્ટર માઈકલ એડમ્સને હરાવીને પ્રથમ વખત લંડન ક્લાસિક ચેસ ટુર્નામેન્ટ જીતી.



www.crackgpsc.com

- નરેન્દ્ર મોદીએ અરુણીમા સિંહાના પુસ્તક 'બોર્ન અગેઇન ઓન ધ માઉન્ટેન'નું વિમોચન કર્યું. તે માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ અપંગ ભારતીય મહિલા છે. અરુણીમા સિંહા રાષ્ટ્રીય સ્તરનાં પૂર્વ વોલીબોલ ખેલાડી છે. 25 વર્ષીય અરુણીમા સિંહાને ફોજદારી તત્વોએ ટ્રેનમાંથી ફેંકી દીધાં હતાં તેમાં તેમનો ડાબો પગ કપાઈ ગયો હતો. અરુણીમા સિંહા કૃત્રિમ પગની મદદથી માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ વિકલાંગ ભારતીય છે.
- અમેરિકાના 19મા સર્જન જનરલ તરીકે ભારતીય મૂળના અમેરિકન ડોક્ટર વિવેક હૈલગેર મૂર્તિના નામને મંજુરી આપવામાં આવી. આ પદ પર પહોંચનાર તેઓ સૌથી યુવાન અને ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ છે.
- ઇન્ડિયન પ્રિમીઅર લીગ (IPL)ની છેલ્લી સીઝન (વર્ષ 2014)ના સૌથી મોંઘા ખેલાડી રહેલ યુવરાજ સિંહને તેમની ટીમ 'રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર'માંથી બાકાત કર્યા.
- ઇન્ડિયન નેવિએ 'એડમિરલ કપ' સેલિંગ રિગાટાની પાંચમી સીઝન જીતી. એડમિરલ કપ 2014માં સત્તર આંતરરાષ્ટ્રીય નેવિઓએ ભાગ લીધો હતો.
- દીનેશ્વર શર્માની ઇન્ટેલિજન્સ બ્યુરોના ડીરેક્ટર તરીકે નિમણુક થઇ. તેઓ સૈયદ આસિફ ઈબ્રાહીમનું સ્થાન લેશે જેઓ 31 ડિસમ્બર 2014ના રોજ નિવૃત્ત થશે. તેઓ ઇન્ટેલિજન્સ બ્યુરોના ડીરેક્ટરના પદ પર નિયુક્ત થનાર પ્રથમ મુસ્લિમ હતા.
- ઇબોલાના ફાઈટરોને સામુહિક રૂપે ટાઈમ્સ પર્સન ઓફ ધ યર 2014નો ખિતાબ ટાઈમ પત્રિકા દ્વારા કરવામાં આવ્યો. તેમની પસંદગી ઇબોલા વાઇરસ રોગ (EVD)થી હજારો જિંદગીઓને બચાવવા, તેમની રક્ષા, સાહસ ખેડવા અને ત્યાગ માટે કરવામાં આવી.
- ફોર્ચ્યુન પત્રિકાની 'ફોર્ચ્યુન 500 લિસ્ટ ઓફ ઇન્ડિયન કંપનીઝ ફોર 2014'ના નામથી 500 ભારતીય કંપનીની યાદીમાં ઇન્ડિયન ઓઈલ કોર્પો. 500913 કરોડ રૂપિયાની વાર્ષિક આવક સહિત સૌથી ઉપર છે. મુકેશ અંબાણીની રિલાયન્સ ઇન્ડ. 444021 કરોડ રૂપિયાની વાર્ષિક આવક સાથે યાદીમાં બીજા સ્થાને છે.
- પ્રખ્યાત તેલુગુ સંગીત ડીરેક્ટર 'ચક્રી'નું અવસાન થયું.
- અમેરિકન થિંકટેંક દ્વારા રજુ થયેલ કાળા નાણાની વિશ્વ યાદીમાં ભારત ત્રીજા સ્થાને છે. આ યાદીમાં વિદેશોમાં કાળુ નાણુ જમા કરવામાં ચીન પ્રથમ અને રશિયા બીજા સ્થાને છે.



- સંપૂર્ણ ભારતમાં 16 ડિસેમ્બર 2014ના રોજ 43મો વિજય દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસ વર્ષ 1971ના યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીત નિમિત્તે દર વર્ષે ઉજવવામાં આવે છે.
- રિલાયન્સ ઇન્ડ. લિ.એ ભારત સરકાર સાથેના KG-D ની જકાત વસુલી વિવાદ બાબતે બ્રિટનના પૂર્વ ન્યાયાધીશ બર્નાર્ડ રિક્સની પોતાના મધ્યસ્થી તરીકે નિમણુક કરી. ભારત સરકાર તરફથી મધ્યસ્થ ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ વી. એન. ખરે છે.
- પાર્શ્વ ગાયિકા આશા ભોંસલેને 11મા દુબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં 'લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' આપવામાં આવ્યો. તેમને આ પુરસ્કાર ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તેમના અમુલ્ય યોગદાન માટે આપવામાં આવ્યો.
- મહારાષ્ટ્ર સરકારે દહીં હાંડીને સુરક્ષિત રમત બનાવવા માટે સાહસિક રમત તરીકે ઉજવવાની ઘોષણા કરી.
- ફ્રાન્સના ફૂટબોલ ખેલાડી થિએરી હોનરીએ સંન્યાસ લેવાની ઘોષણા કરી.
- કેન્દ્ર સરકારે અરુણાચલ પ્રદેશને વર્ષ 2014નો કૃષિ કર્મણ પુરસ્કાર આપવાની ઘોષણા કરી. ખાદ્યાન્ન ઉત્પાદનમાં ઉત્કૃષ્ઠતા માટે કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં કરેલ પ્રયત્નોને ધ્યાનમાં રાખીને અરુણાચલ પ્રદેશે સતત બીજા વર્ષે (2013-14) કૃષિ કર્મણ પુરસ્કાર જીત્યો.
- શ્રીલંકાના ખેલાડી કુમાર સંગકારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સર્વાધિક રન બનાવનાર બેટ્સમેન બન્યા. કુમાર સંગકારાએ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગનો રેકોર્ડ તોડ્યો, જેમણે વર્ષ 2005માં 2833 રન બનાવ્યા હતા.



- શિંઝો અબેને ત્રીજી વખત જાપાનના વડાપ્રધાન ચૂંટવામાં આવ્યા. તેઓ જાપાનની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી અને કોમીટો દ્વારા રાષ્ટ્રીય સભા, બીકામેરલ લેજિસ્લેચરના નીચલા ગૃહ માટે થયેલ સ્નેપ ચૂંટણીઓમાં 2/3 બહુમતથી જીત્યા.
- આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર વાય વી રેડ્ડીની અધ્યક્ષતાવાળા 14મા નાણા પંચે પોતાનો રિપોર્ટ રાષ્ટ્રપતિને સોંપ્યો. આ નાણા પંચની રચના 2 જાન્યુઆરી 2013ના રોજ વાય વી રેડ્ડીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકારે ઇસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા પર પ્રતિબંધ મુક્યો.
- અંતરરાષ્ટ્રીય બોક્સિંગ ફેડરેશને ભારતીય મુક્કેબાજ સરિતાદેવી પર એક વર્ષનો પ્રતિબંધ મુક્યો. તેમના પર 1000 સ્વિસ ફ્રેન્ક્સનો દંડ પણ કરવામાં આવ્યો. આ પ્રતિબંધ તેમની ઉપર એટલા માટે લગાવવામાં આવ્યો કારણકે તેમણે ઇન્ચિઓન એશિયન ગેમમાં કાંસ્યપદકનો અસ્વીકાર કર્યો હતો. ભારતના વિદેશી કોચ બી આઈ ફર્નાન્ડીઝ પર પણ બે વર્ષનો પ્રતિબંધ

મુકવામાં આવ્યો, જેઓ સરિતાદેવીના વિરોધ સમયે તેમના પક્ષમાં હતા. તેમની પર 2000 ફ્રેન્ક્સનો દંડ મુકવામાં આવ્યો.

- કેન્દ્ર સરકારે પાકિસ્તાન, અફગાનિસ્તાન અને બાંગ્લાદેશની લઘુમતી કોમોના સભ્યોને પાંચ વર્ષના વિઝા આપવાની ઘોષણા કરી. આ પહેલાં તેમને એક વર્ષના વિઝા આપવામાં આવતા હતા.
- કેન્દ્રીય મંત્રીમંડળે અપ્રત્યક્ષ વેરા ક્ષેત્રે સુધારાઓને આગળ વધારનાર વસ્તુ અને સેવા વેરા (GST) સંબંધિત બંધારણ સુધારા બિલને મંજુરી આપી. કેન્દ્ર સરકારનું 1 એપ્રિલ 2016થી GST લાગુ કરવાનું લક્ષ્ય છે.
- લોકસભાએ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCT) દિલ્હી કાનુન (વિશેષ જોગવાઈ) સુધારા બિલ, 2014 પસાર કર્યું. બિલમાં NCT દિલ્હી કાનુન વિશેષ જોગવાઈ બીજા અધિનિયમ, 2011માં સુધારાની માંગણી કરવામા આવી હતી કારણકે 2011 અધિનિયમ હેઠળ આપવામાં આવેલ સમય મર્યાદા 31 ડિસેમ્બર 2014ના રોજ સમાપ્ત થઇ રહી હતી.
- નાસાના મંગળ યાન 'ક્યુરિયોસિટી'એ મંગળ ગ્રહની સપાટી પર પ્રથમ વાર જૈવિક અણુઓની નિશ્ચિત શોધ કરી.
- ભારતીય ફિલ્મ નિર્દેશક રીતેશ બત્રા નિર્દેશિત વર્ષ 2013માં રીલીઝ થયેલ ફિલ્મ 'ધ લંચબોક્સ'ને 18મા વાર્ષિક ટોરંટો ફિલ્મ ક્રિટીક્સ એસોસિએશન પુરસ્કારમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી.
- તહરીક-એ-તાલીબાનના હુમલાખોરોએ પાકિસ્તાનના પેશાવરમાં સેના દ્વારા સંચાલિત સ્કુલ પર હુમલો કર્યો. આતંકવાદી હુમલામાં લગભગ 141 લોકોનું મોત નીપજ્યું જેમાં 132 બાળકો અને 9 સ્કુલના સ્ટાફ સભ્યો હતા.
- ઈસરોએ અત્યાર સુધીનું પોતાનું સૌથી વજનદાર અને મોડર્ન રોકેટ GSLV-માર્ક 3નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ રોકેટ પોતાની સાથે પ્રાયોગિક ક્રુ મોડ્યુલ પણ લઇ ગયું જે માનવરહિત છે. GSLV-માર્ક 3 630 ટન વજનનું અને 43.43 મીટર લાંબુ રોકેટ છે. GSLV-માર્ક 3ના પ્રોજેક્ટ ડીરેક્ટર ઈસરોના વૈજ્ઞાનિક એસ સોમનાથ છે. હવે ભારત પણ અંતરિક્ષમાં માનવી મોકલી શકશે. અંતરિક્ષમાં માનવ મોકલવાની કાબેલિયત અત્યારે તો માત્ર રશિયા, અમેરિકા અને ચીન પાસે છે.
- 'વેલ્થ-એક્સ'ના હિસાબે અલીબાબા ડોટ કોમના સ્થાપક અને કાર્યકારી અધ્યક્ષ 'જૈક મા'ની સંપત્તિમાં વર્ષ 2014માં સૌથી વધુ વૃદ્ધિ થઇ. પ્રખ્યાત ઇન્વેસ્ટર વોરન બફેટ આ વર્ષે સર્વાધિક ફાળો આપનાર અબજપતિઓની યાદીમાં બીજા સ્થાને છે.
- સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને તેની (સુપ્રીમ કોર્ટની) પરવાનગી વિના સેન્ટ્રલ વિજીલન્સ કમિશનર અને વિજીલન્સ કમિશનરની નિમણુક ન કરવા માટે કહ્યું.

www.crackgpsc.com

- ગ્લાસગોમાં બીબીસી સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ યર એવોર્ડ હેઠળ પોલ મૈકગિનલેએ સ્પોર્ટ્સ પર્સનાલિટી કોચ એવોર્ડ જીત્યો. સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ યર એવોર્ડ: લેવિસ હેમિલ્ટન (F1 ડ્રાઈવર), ટીમ ઓફ ધ યર: ઇંગ્લેન્ડની મહિલા રગ્બી યુનિયન ટીમ.
- હરિઓમસિંહે 58મી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં પુરુષોની 50 મીટર રાઈફલ પ્રોન સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો.
- શિક્ષણવિદ અને પત્રકાર ઘંટા ચક્રપાણી તેલંગાણા રાજ્ય લોક સેવા આયોગના પ્રથમ અધ્યક્ષ નિયુક્ત. તેઓ આ પદ પર છ વર્ષ સુધી રહેશે. અત્યારે ઘંટા ચક્રપાણી બી આર આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં સામાજિક વિજ્ઞાન ફેકલ્ટીના ડીન છે. તેઓ નમસ્તે તેલંગાણામાં ઘંટાપાઠમ નામથી સાપ્તાહિક કોલમ લખી રહ્યા છે.
- આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રકાશન લૈસેન્ટ દ્વારા રજુ થયેલ એક રિપોર્ટ અનુસાર, ટીબી અને હૃદય રોગથી એક વર્ષ (વર્ષ 2014) દરમ્યાન ભારતમાં ચાર લાખ યુવાનોનું મૃત્યુ થયું.
- ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ (પુરુષ) અને સેરેના વિલિયમ્સ (મહિલા)ને વર્ષ 2014ના ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશનનો વાર્ષિક પુરસ્કાર આપવામાં આવ્યો. આ બંનેને પોતપોતાની શ્રેણીમાં વિશ્વ ચેમ્પિયનના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા. અમેરિકન બ્રાયન બંધુ બોબ અને માઈકને આઈટીએફ યુગલ (ડબલ્સ) ચેમ્પિયન, જયારે સારા ઈરાની અને રોબર્ટો વિન્સીને મહિલા યુગલ (ડબલ્સ) ચેમ્પિયન તરીકે પસંદ કરવામાં આવ્યા.
- અમરિકાથી પ્રકાશિત પત્રિકા 'ફોર્બ્સ'ની વેપાર માટે સર્વશ્રેષ્ઠ કુલ 146 દેશોની વાર્ષિક યાદીમાં ભારત 93મા સ્થાને રહ્યું. આ યાદીમાં મેક્સિકો, કઝાકિસ્તાન અને શ્રીલંકા જેવા દેશો ભારતથી આગળ છે. યાદીમાં પ્રથમ સ્થાને ડેન્માર્ક છે.
- કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને પોતાના અંશધારકોને વર્ષ 2014-15 માટે તેમના પીએફ પર 0.25% વ્યાજ વધારાની ઘોષણા કરી. પીએફ ખાતાઓ પર હવે 8.5% ને બદલે 8.75% વ્યાજ મળશે.
- સાહિત્ય અકાદમી પુરસ્કાર 2014 માટે હિન્દીના વાર્તાકાર અને કવિ ડૉ. રમેશ ચંદ્ર શાહની નવલકથા 'વિનાયક'ની, અંગ્રેજીમાં આદીલ જસ્સાવાલાની કવિતા સંગ્રહ 'ટ્રાઈંગ ટુ સે ગુડબાય'ની ડોંગરી સાહિત્યકાર શૈલેદ્રસિંહની નવલકથા 'હાશિએ પર'ની, કાશ્મીરી સાહિત્યકાર પ્રો. શાદ રમઝાનના કાશ્મીરી કવિતા સંગ્રહ 'કોરક કાકુત'ની, પદ્મ વિભૂષણથી સન્માનિત જયંત વિષ્ણુ નાર્લીકરની મરાઠીમાં તેમની આત્મકથા 'ચાર નગરાતલે માઝે વિ'ની તથા શાયર મુનવ્વર રાણાની શાયરી 'શાહદાબા'ની પસંદગી થઇ.
- નાસાના 'કેપલર' અંતરિક્ષ યાને પૃથ્વીથી 180 પ્રકાશ વર્ષ દુર એક સુપરઅર્થ 'એચઆઈપી 11645-B'ની શોધ કરી. આ ગ્રહનો વ્યાસ પૃથ્વીથી અઢી ગણો છે અને તે સૂર્ય જેવા જ એક

www.crackgpsc.com

તારાની પરિક્રમા કરે છે. તેનું વજન પૃથ્વીથી લગભગ 12 ગણું છે, જે તેને સુપરઅર્થ બનાવે છે. જો કે, આપણા સૂર્યમંડળમાં કોઈ પણ સુપરઅર્થ નથી.

- અમેરિકન સેનેટે ધ્વનિમતથી એક પ્રસ્તાવ પસાર કરીને કૈલાસ સત્યાર્થી અને મલાલા યુસુફ્ઝાઈને શાંતિના પ્રતિક માન્યા. સત્યાર્થી અને મલાલા વર્ષ 2014ના નોબલ શાંતિ પુરસ્કારના સંયુક્ત વિજેતા છે.
- સેબીએ કર ચોરી અને મની લોન્ડરિંગની શંકામાં અત્યાર સુધીની સૌથી કઠોર કારવાઈ કરતાં 260 કંપનીઓ પર શેર બજારમાં ખરીદ વેચાણ કરવા પર પ્રતિબંધ લગાવ્યો.
- ભારતીય મૂળના રીચાર્ડ રાહુલ વર્માએ ‘ભારતમાં અમેરિકન રાજદૂત’ તરીકે શપથ લીધા. વર્મા નેન્સી પોવેલની જગ્યા લેશે, જેમણે બનાવટી વિઝા આરોપો પર ભારતીય રાજદૂત દેવયાની ખોબરાગડે સાથેના વર્તન વિવાદ પછી માર્ચ 2014માં પોતાના પદેથી રાજીનામું આપી દીધું હતું. રીચાર્ડ રાહુલ વર્મા ભારતમાં અમેરિકન દૂત તરીકે શપથ લઈને આ પદ પર પહોંચનાર પ્રથમ ભારતીય મૂળના અમેરિકન બની ગયા.
- માઈકલ ગાર્સિયાએ ફેડરેશન ઇન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસીએશન (FIFA) એથિક્સ કમિટીના સ્વતંત્ર ચીફ એથિક્સ ઇન્વેસ્ટીગેટર પદેથી રાજીનામું આપી દીધું.
- ભારતીય પુરુષ કબડ્ડી ટીમે પાકિસ્તાનની ટીમને પરાજિત કરીને સતત પાંચમી વખત કબડ્ડી વિશ્વ કપ 2014નો ખિતાબ જીત્યો. કબડ્ડી વિશ્વ કપની ફાઈનલ મેચમાં પાકિસ્તાનની ભારત સામે આ ચોથી હાર છે. ભારતીય મહિલા કબડ્ડી ટીમે ન્યુઝીલેન્ડની ટીમને પરાજિત કરી કબડ્ડી વિશ્વ કપ 2014નો ખિતાબ જીત્યો. કબડ્ડી વિશ્વ કપની ફાઈનલ મેચમાં ભારતીય મહિલા ટીમની આ સતત ચોથી જીત છે. પ્રથમ મહિલા કબડ્ડી વિશ્વ કપનું આયોજન પટનામાં 2012માં કરવામાં આવ્યું હતું.
- અમેરિકામાં રહેનાર ભારતીય ગોલ્ફર અર્જુન અટવાલે દક્ષિણ કોરિયાઈ ખેલાડી વાંગ જુંગ હુનને હરાવીને એશિયન ગોલ્ફ ટુર હેઠળ પાંચ લાખ ડોલરનો દુબઈ ઓપન 2014નો ખિતાબ જીત્યો. અર્જુનની કારકિર્દીનો આ આઠમો એશિયન ટુર ખિતાબ છે.
- નાસા અને ગ્રહ વૈજ્ઞાનિકોની એક આંતરરાષ્ટ્રીય ટીમને પૃથ્વી પર ઉલ્કાપિંડનો અવશેષ મળ્યો છે જેનાથી જાણવા મળે છે કે મંગળ ગ્રહની સપાટી પર પાણી કે બરફનાં જળાશય છે.
- કોંગ્રેસ પાર્ટીના નેતા સલમાન ખુર્શીદે યાસિર ઉસ્માનની પુસ્તક ‘રાજેશ ખન્ના: કુછ તો લોગ કહેંગે’નું લોકાર્પણ કર્યું.
- અમેરિકન સંરક્ષણ બજેટમાં પાકિસ્તાનને એક અબજ અમેરિકન ડોલર આપવાની જોગવાઈ કરાઈ.
- ભારતીય મૂળના વાસન શ્રીનિવાસનને ઓસ્ટ્રેલિયાની બહુસાંસ્કૃતિક પરિષદ (AMC)માં સામેલ કરવામાં આવ્યા. પરિષદમાં તેમનો કાર્યકાળ 16 ડિસેમ્બર 2017 સુધીનો છે. તેઓ

હાલમાં ભારતીય ઓસ્ટ્રેલિયન પરિસંઘના અધ્યક્ષ છે. તેઓ મલ્ટીકલ્ચર લિબરલ બીઝનેસ ક્લબ (MLBC)ના સંસ્થાપક, સભ્ય અને અધ્યક્ષ છે.

- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)એ સચિન તેંદુલકરને વર્લ્ડ કપ 2015ના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા. ICCએ સતત બીજી વાર સચિન તેંદુલકરને વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા. તેંદુલકર 2011માં પણ ક્રિકેટની આ સૌથી મોટી ટુર્નામેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર હતા. સચિન તેંદુલકરના નામે વર્લ્ડ કપમાં સૌથી વધુ 45 મેચમાં 2278 રન બનાવવાનો રેકોર્ડ છે.
- ભારતીય સ્ક્વોશ ખેલાડી નવનીત પ્રભુએ છોકરાઓની 'અન્ડર-13'ની ફાઈનલમાં મલેશિયાના નિકોલસ ચીને હરાવીને સિંગાપુર ઓપન સ્ક્વોશ જુનિયર ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો. આ સાથે જ નવનીત આ વર્ગની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા.
- ભારતની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેંટ ઓર્ગેનાઈઝેશને સ્વદેશ નિર્મિત 1000 કિગ્રાના ગ્લાઈડ બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું. બોમ્બે ઓરિસ્સા તટેથી બંગાળની ખાડીમાં 100 કિમી દુરના લક્ષ્ય પર ચોક્કસ નિશાન સાધ્યું.
- પાકિસ્તાન સર્ન (CERN, European Organization for Nuclear Research)નો એસોસિએટ સભ્ય દેશ બની ગયો. વર્ષ 2010 સુધી, સર્નનું સભ્ય પદ માત્ર યુરોપિયન દેશો સુધી જ મર્યાદિત હતું. પરંતુ હવે તે બિન યુરોપિયન દેશો માટે પણ ખુલ્લું છે.
- દક્ષિણ કોરિયાના બંધારણીય ન્યાયાલયે વામપંથી એકીકૃત પ્રોગ્રેસીવ પાર્ટી (UPP) ઉપર ઉત્તર કોરિયા સમર્થક ગતિવિધિઓનો આરોપ મુકીને તેના વિસર્જનનો આદેશ આપ્યો. આ રીતે 1988માં સ્થાપવામાં આવેલ દક્ષિણ કોરિયાની આ બંધારણીય અદાલત દ્વારા કોઈ રાજનૈતિક દળને સમાપ્ત કરવાના આદેશનો આ પ્રથમ કેસ છે.
- વિકટન ગ્રુપના એસ બાલાસુબ્રમણ્યનનું અવસાન થયું. બાલાસુબ્રમણ્યને આનંદ વિકટનની સામગ્રીમાં કેટલાય ક્રાંતિકારી ફેરફારો કર્યા. તેમણે તમિલનાડુમાં વિદ્યાર્થી પ્રતિભાઓને ઓળખવા માટે એક યોજના પણ શરુ કરી હતી.
- એટલેટીકો ડી કોલકાતાએ ઇન્ડીયન સુપર લીગ ફૂટબોલ ટુર્નામેન્ટ 2014નો ખિતાબ જીત્યો. પૂર્વ ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલીની ટીમ એટલેટીકો ડી કોલકાતાએ સંઘર્ષપૂર્ણ ફાઈનલમાં સચિન તેંદુલકરની ટીમ કેરલા બ્લાસ્ટર્સને હરાવી. એટલેટીકો ડી કોલકાતા તરફથી મોહમ્મદ રફીકે એક ગોલ કર્યો. મોહમ્મદ રફીકને 'હીરો ઓફ ધ મેચ'નો પુરસ્કાર મળ્યો.
- પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસ નેતા જી. વેંકટ સ્વામી (કાકા)નું લાંબી બીમારી બાદ અવસાન થયું. તેઓ કાકાના ઉપનામથી પણ જાણીતા હતા.

www.crackgpsc.com

- કેન્દ્રીય નાણા મંત્રી અરુણ જેટલીએ 'ક્લીન ઇન્ડિયા ગ્રીન ઇન્ડિયા' વિષય સાથે વર્ષ 2015નું કેલેન્ડર રજુ કર્યું. ભારત સરકારનું કેલેન્ડર વર્ષ 2015માં સરકારની બે અગ્રણ્ય યોજનાઓ : 'સ્વચ્છ ભારત' તથા 'ડીજીટલ ઇન્ડીયા'ના સુમેળ માટે મંચ પ્રદાન કરે છે. વર્ષ 2015ના કેલેન્ડરને 'ક્લીન ઇન્ડિયા ગ્રીન ઇન્ડિયા' વિષય પર વિકસિત કરવામાં આવેલ છે અને તેમાં 'સ્વચ્છતા' અને પર્યાવરણ વિષયો પર ભાર મુકેલ છે.
- ભારતના નિશાનેબાજ અભિનવ બિન્દ્રાએ 58મી નેશનલ શુટિંગ ચેમ્પિયનશિપ-2014ની 10 મીટર એર રાઈફલનો સુવર્ણચંદ્રક જીત્યો. જયારે વિજય કુમારે 25 મીટર સ્ટેન્ડર્ડ પિસ્ટલનો સુવર્ણચંદ્રક જીત્યો. ટીમ સ્પર્ધામાં આર્મી માર્ક્સમેનશિપ યુનિટે 1684 અંક સાથે સુવર્ણચંદ્રક જીત્યો.




## ➢ 4th week

- યુરોપિયન અંતરીક્ષ મિશન રોસેટાને સાયન્સ જરનલ દ્વારા વર્ષની સૌથી મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક ઘટના તરીકે પસંદ કરવામાં આવ્યું.
- ફેડરલ બેંકના સીઈઓ શ્યામ શ્રીનિવાસનને ખાનગી ક્ષેત્રના બેંક સભ્યો (વર્ષ 2014-15) માટે પુનઃરચિત 'ભારતીય બેંક સંગઠન'(IBA)ના ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા. સમિતિમાં 13 ખાનગી બેંકોના સીઈઓનો સમાવેશ થાય છે. સમિતિનું મુખ્ય કાર્ય IBAની સભ્ય 13 ખાનગી બેંકોની ખાસ જરૂરીયાતોનું ધ્યાન રાખવાનું છે. આ સમિતિનો કાર્યકાળ એક વર્ષનો છે. તેઓ RBI દ્વારા રચવામાં આવેલ આર્થિક ક્ષેત્રના ન્યાયિક સુધારાઓની સમિતિના પણ સભ્ય છે.
- ભારતે મોરેશિયસને ઓફશોર પેટ્રોલ વેસલ CGS બારાકુડાની નિકાસ કરી. ભારતના શિપયાર્ડથી વિદેશમાં નિકાસ કરવામાં આવેલ તે પ્રથમ વોરશિપ છે.
- સુરત નગર નિગમે સુરતને સ્માર્ટ સીટી બનાવવા માટે માઈક્રોસોફ્ટ ઇન્ડિયા સાથે ભાગીદારી કરી. માઈક્રોસોફ્ટના સીટી નેક્સ્ટ પ્રોગ્રામ અંતર્ગત સુરત એક સ્માર્ટ સીટી તરીકે તૈયાર થશે. આ યોજનાથી નાગરિક સેવાઓ વધુ જવાબદાર, પારદર્શક, પ્રભાવશાળી અને ઉપયોગી થઇ

www.crackgpsc.com

જશે. સુરત વિશ્વનું સૌથી ઝડપી વિકસતું શહેર છે. તે વિશ્વનું એવું સ્થાન છે જ્યાં વિશ્વના 80% હીરા તૈયાર થાય છે. ભારતની ટેકસટાઇલની 40% જરૂરીયાત આ શહેર પૂરી કરે છે.

- ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજન આયંગરની જયંતિ નિમિત્તે ભારતમાં 22 ડિસેમ્બર, 2014ના રોજ રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવ્યો.
- રશિયા, ફ્રાન્સ અને જર્મનીના નેતાઓએ યુક્રેન પર શાંતિ મંત્રણાનો નવો રાઉન્ડ શરૂ કરવા માટે એક નવી સમજુતી પર સહમતિ વ્યક્ત કરી. આ સહમતિ યુક્રેનના રાષ્ટ્રપતિ પેટ્રો પોરોશેન્કો, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રેંકોઇસ હોલ્લાન્દે અને જર્મન ચાન્સેલર એન્જલા માર્કેલની વચ્ચે થયેલ એક કોન્ફરન્સ કોલ દરમ્યાન થઇ.
- ભારત હેવી ઈલે. લિ. (BHEL)ને તુર્કીમાં એક તાપ વિદ્યુત યોજના માટે લગભગ 130.8 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળ્યો.
- ભારત હોટલ્સની અધ્યક્ષા જ્યોત્સ્ના સૂરીને ભારતીય વેપાર અને ઉદ્યોગ સંઘ (FICCI) નાં અધ્યક્ષા તરીકે ચૂંટવામાં આવ્યાં. તેમને એક્સ્પ્રો ઇન્ડિયા લિ. અને દિઝ્‌જમ લિ. ના અધ્યક્ષ સિદ્ધાર્થ બિરલાનાં ઉત્તરાધિકારી તરીકે ચુંટવામાં આવ્યાં.
- ફિલ્મ નિર્માતા કૈલાસમ બાલાચંદરનું નિધન. કૈલાસમ બાલાચંદરે તમિલ ફિલ્મોમાં ખાસ વિષયોને ઉઠાવ્યા અને ફિલ્મોમાં મહિલાઓ અને દલિતોના હિત પર ધ્યાન કેન્દ્રિત કર્યું.
- સ્નેપડીલ ડોટ કોમે 23 ડીસેમ્બર 2014ના રોજ કિસાન દિવસના અવસરે 'ધ એગ્રી સ્ટોર' શરુ કરવાની જાહેરાત કરી. આ ઓનલાઇન સ્ટોરમાંથી ખેડૂતોને બિયારણ, ખાતર, સિંચાઈ મશીનરીની ઉપરાંત અન્ય ખેત સામગ્રી ઉપલબ્ધ થશે.
- ઝારખંડ સામાન્ય વિધાનસભા ચૂંટણી 2014માં ભાજપા અને તેના સહયોગી દળ ઓલ ઝારખંડ સ્ટુડન્ટસ યુનિયને (આઝસુ) 81 સીટોવાળી વિધાનસભામાં 42 સીટો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી. ઝારખંડ રાજ્યની રચના પછી આ રાજ્યને પહેલી વાર સ્થાઈ સરકાર મળશે. રાજ્યની રચના પછીથી અત્યાર સુધી નવ સરકારો બની અને તે દરમ્યાન ત્રણ વાર રાષ્ટ્રપતિ શાસન પણ લાદવામાં આવ્યું.
- વરિષ્ઠ IPS અધિકારી પ્રકાશ મિશ્રાની કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના ડીરેક્ટર જનરલ તરીકે નિમણુક કરવામાં આવી. તેઓ ફેબ્રુઆરી 2016 સુધી કાર્યાલયમાં પોતાની સેવાઓ આપશે. તેઓ અત્યાર સુધી કેન્દ્રીય ગૃહ મંત્રાલયમાં વિશેષ સચિવ (આંતરિક સુરક્ષા) પદ પર કાર્યરત હતા.
- જમ્મુ અને કાશ્મીરના લડાખ વિસ્તારમાં બૌદ્ધ મહોત્સવ, લોસર 22 ડીસેમ્બરના રોજ શરુ થયો. આ તહેવાર લડાખમાં નવા વર્ષની શરૂઆત નિમિત્તે ઉજવવામાં આવે છે.
- ભારતે વિશ્વ યુવા અંડર 16 શતરંજ ઓલિમ્પિયાડમાં તુર્કીને હરાવીને સુવર્ણચંદ્રક જીત્યો. રશિયા બીજા અને ઈરાન ત્રીજા સ્થાને રહ્યું.

www.crackgpsc.com

- ચીન અને નેપાળે સીમા વેપાર માટે પોતાની મુદ્રાઓના ઉપયોગનો વિસ્તાર કરવા માટે એક સમજુતી કરી. સમજુતી અનુસાર બંને દેશ સીમા પારથી વેપાર અને સાધારણ વેપારી પ્રવૃત્તિઓના આદાન પ્રદાન માટે સ્થાનિક મુદ્રાઓ (ચીની યુઆન અને નેપાળી રૂપિયા)નો ઉપયોગ કરશે.
- અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના લશ્કરી વડા બંને દેશોની સીમા પર સૈન્ય અભિયાનો વચ્ચે સમન્વય સ્થાપિત કરવા માટે સહમત થયા.
- નિકારાગુઆએ પ્રશાંત મહાસાગર સાથે એટલાન્ટીક મહાસાગરને જોડવા માટે એક આંતર-સમુદ્રી નહેરનો શુભારંભ કર્યો. આ યોજનાનો હેતુ પનામા નહેર જળમાર્ગની સમકક્ષ એક પ્રતિદ્વંદી ઉભો કરવો અને હૈતી પછી અમેરિકામાં બીજા સૌથી ગરીબ દેશ નિકારાગુઆની અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવાનો છે. 50 અબજ અમેરિકન ડોલરની આ યોજના ચીન દ્વારા સમર્થિત અને પોષિત છે. નહેર 278 કિમી લાંબી હશે અને 2020 સુધીમાં શરુ થઇ જશે. તે નિકારાગુઆને 10%થી વધુની આર્થિક વૃદ્ધિ પ્રદાન કરશે. આ નહેરનું નિર્માણ ચીનને મધ્ય અમેરિકામાં પગ જમાવવાની તક આપશે. આ ક્ષેત્ર પારંપરિક રૂપે સંયુક્ત રાજ્ય અમેરિકાના વર્ચસ્વવાળા ક્ષેત્રના રૂપે જાણવામાં આવે છે.
- ભારતીય મૂળના અમેરિકન ફોટો પત્રકાર રાજન દેવદાસનું વોશિંગ્ટનમાં નિધન.
- કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 1984ની શિખ રમખાણો માટે રચાયેલ વિશેષ તપાસ ટીમ (SIT)ની તપાસ અને શિખ રમખાણોના મામલાની પુનઃતપાસ માટે માથુર સમિતિ રચી. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ ન્યાયાધીશ જી. પી. માથુર સમિતિના પ્રમુખ હશે. સમિતિ પોતાનો તપાસનો અહેવાલ એપ્રિલ 2015 સુધી આપશે. આ સમિતિ રમખાણો દરમ્યાન જીવ ગુમાવનાર વ્યક્તિઓને આપવામા આવનારી પાંચ લાખ રૂપિયાની ચુકવણી વિષે પણ તપાસ કરશે. આ સમિતિ રમખાણો સંબંધિત વિભિન્ન ફરિયાદો પર પણ ધ્યાન આપશે. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની 31 ઓકટોબર 1984ના રોજ શીખ સુરક્ષા કર્મી દ્વારા હત્યા કરવામાં આવ્યા બાદ વર્ષ 1984માં શીખ રમખાણો થયાં હતાં.
- વરિષ્ઠ IAS અધિકારી એસ. ભટ્ટાચાર્યને કોલ ઇન્ડિયા લિ.ના અધ્યક્ષ અને CMD નિયુક્ત કરવામાં આવ્યા. એસ. ભટ્ટાચાર્યએ કોલ ઇન્ડિયાના અધિક સચિવ એ કે દુબેનું સ્થાન લીધું.
- તાઇવાને પોતાના સૌથી મોટી મિસાઈલ ક્રુઝર તુઓ ચિયાંગને લોન્ચ કર્યું. 500 ટન કાર્વેટ મિસાઈલ તાઇવાન દ્વારા બનાવાયેલ આ પ્રકારનું પ્રથમ મિસાઈલ ક્રુઝર છે. તુઓ ચિયાંગ મિસાઈલ ક્રુઝર રડાર તરંગોના પરાવર્તનને ઓછું કરવા માટે સ્ટીલ્થ ટેકનોલોજીનો પ્રયોગ કરે છે, જે વિરોધી યુદ્ધ જહાજ માટે તેની માહિતી મેળવવી મુશ્કેલ બનાવી દે છે.

www.crackgpsc.com

- રશિયાએ અંગારા રોકેટનું સફળ પરીક્ષણ કર્યું. આ રોકેટને માનવયુક્ત અંતરિક્ષ યાન લોન્ચ કરવાના હેતુથી વિકસાવવામાં આવ્યું. સાઈબેરિયાની એક નદીના નામ પરથી આ રોકેટનું નામ રાખવામાં આવેલ છે.
- ભારતના શિવા કેશવને જાપાનમાં 17મી એશિયન લ્યુઝ ચેમ્પિયનશિપમાં રજત પદક જીત્યો.
- સાહિત્યકાર તેમજ કવિ પ્રો. નંદ ચતુર્વેદી ઉર્ફે નંદ બાબુનું અવસાન થયું. તેઓ પોતાના પુસ્તક ‘યહ હમારા સમય’નું વિમોચન કરવાની તૈયારીમાં હતાં. તેમની શબ્દ સંસારની પ્રસિદ્ધ કવિતા ‘યાયાવરી’ને રાજસ્થાન સાહિત્ય અકાદમીનો સર્વોચ્ચ પુરસ્કાર મીરા પુરસ્કાર મળ્યો. તેમને 12 વર્ષની ઉંમરમાં કવિતા પર પ્રથમ સન્માન મળ્યું હતું.
- વર્ષ 2014માં વિદેશી રોકાણકારોમાં ભારતીય ડિબેન્ચર્સની સારી માંગ રહી. આ દરમ્યાન કુલ 19 અબજ અમેરિકન ડોલરની ઇન્ડીયન ડેટ સિક્યુરિટીઝની ખરીદી થઇ જે પાછલા વર્ષની સરખામણીએ 20% વધુ છે.
- યુક્રેની સંસદ, રાડાએ ઉત્તર એટલાન્ટીક સંધિ સંગઠન (નાટો)માં સામેલ થવા માટે ખરડો પસાર કર્યો. આ બિલના સમર્થનમાં 303 અને વિરોધમાં માત્ર 8 મત થયા. આ સાથે જ યુક્રેન પોતાની ગુટનિરપેક્ષ નીતિને છોડીને નાટોમાં સામેલ થઇ ગયું. યુક્રેન દ્વારા 2010માં રશિયાના દબાણથી ગુટનિરપેક્ષ નીતિને અપનાવવામાં આવી હતી.




- પ્રસિદ્ધ અમેરિકન જાજ શરણાઈ વાદક બડી ડિફ્રેંકોનું નિધન થયું. તેઓ માત્ર પાંચ વર્ષની વયે સારંગી વગાડવાનું શીખ્યા હતા. આજે પણ ‘બડી ડિફ્રેંકો જાજ મહોત્સવ’ મોન્ટાના યુનિવર્સીટીમાં દર વર્ષે યોજવામા આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક હથિયાર વેપારનું નિયંત્રણ કરનારી મહત્વપૂર્ણ સંધિ એટીટી (Arms Trade Treaty) 24 ડીસેમ્બર 2014ના રોજથી અમલમાં આવી ગઈ. વિશ્વના 60 દેશોએ આ સંધિનો અંગીકાર કર્યો અને 130 દેશોએ તેના પર હસ્તાક્ષર કર્યા. વૈશ્વિક હથિયાર સંધિને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 2 એપ્રિલ 2013ના રોજ સ્વીકૃતિ મળી હતી. આ એવી પ્રથમ બહુપક્ષીય સંધિ છે જે કોઈ દેશને એવા અન્ય દેશોને પારંપરિક હથિયારોનો નિકાસ કરવાથી કાયદેસર રોકે છે, જ્યાં તેમને ખબર હોય કે આ હથિયારોનો ઉપયોગ જનસંહાર, માનવતા વિરુદ્ધના અપરાધો કે યુદ્ધ અપરાધોમાં થઇ શકે છે.



- કેન્દ્ર સરકારે અટલ બિહારી વાજપાઇ અને મહામના પંડિત મદનમોહન માલવિયાને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન, 'ભારત રત્ન'થી નવાજવાની ઘોષણા કરી. અટલ બિહારી વાજપાઇ વર્ષ 1996 (13 દિવસ) અને વર્ષ 1998થી 2004 સુધી (કુલ ત્રણ વાર) ભારતના વડાપ્રધાન પદે રહ્યા. મદનમોહન માલવિયાએ વર્ષ 1916માં કાશી હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી.
- કેન્દ્ર સરકારે 25 ડિસેમ્બરે 'મદન મોહન માલવિયા રાષ્ટ્રીય શિક્ષક અને શિક્ષણ મિશન' યોજના શરુ કરી. નરેન્દ્ર મોદીએ વારાણસીમાં આવેલ બનારસ હિંદુ યુનિવર્સીટીમાં આ મિશનની શરૂઆત કરી. આ મિશન બારમી પંચવર્ષીય યોજના અંતર્ગત લગભગ 900 કરોડ રૂપિયાના અનુમાન સાથે શરુ કરવામાં આવ્યું. તે વ્યાપક શિક્ષણ શાસ્ત્રમાં શિક્ષકો, શિક્ષણ, શિક્ષકોની તૈયારી, વ્યવસાયિક વિકાસ, પાઠ્યક્રમ ડીઝાઇન, મૂલ્યાંકન પદ્ધતિ અને શોધ સંબંધિત તમામ મુદ્દાઓને પ્રભાવિત બનાવવાના હેતુ સાથે શરુ કરવામાં આવ્યું.
- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સુશાસન દિવસના અવસરે 'મિશન ઇન્દ્રધનુષ' શરુ કર્યું. આ મિશનનો હેતુ વર્ષ 2020 સુધી તમામ બાળકોને સાત બીમારીઓ સામે લડવા માટેની રસી આપવાનો છે. આ સાત બીમારીઓ : ડિપ્થેરિયા, ઉંટાંટિયું, ટીટનેસ, પોલિઓ, ટીબી, ઓરી અને હિપેટાઈટિસ બી છે. આ મિશનને પ્રથમ ચરણમાં 201 જીલ્લાઓમાં અને બીજા ચરણમાં 297 જીલ્લાઓમાં લાગુ કરવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે.



- પૂર્વ ઉપ મુખ્યમંત્રી રઘુવરદાસને ઝારખંડના ભાજપની વિધાનસભા પાર્ટીના નેતા પસંદ કરવામા આવ્યા. 32% આદિવાસી વસ્તી ધરાવતા પ્રદેશના તેઓ પ્રથમ બિન આદિવાસી મુખ્યમંત્રી હશે.
- કેમ્બ્રિજ યુનિવર્સીટી (બ્રિટન) અને ઇઝરાયેલના વિઝ્મેન ઇન્સ્ટીટયુટના વૈજ્ઞાનિકોએ કૃત્રિમ અંડાણુ અને શુક્રાણું બનાવવામાં સફળતા મેળવી. આ સફળતાથી પ્રજનન સંબંધી સમસ્યાઓ ધરાવતા લોકોના જીવનમાં એક નવી આશા જાગી છે.
- બ્રિટનમાં પ્રથમ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વિમાનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. તે આ પ્રકારનું પ્રથમ વિમાન છે, જે ફ્લાઈટ દરમ્યાન જ પોતાની બેટરીઓ ચાર્જ કરવામાં સક્ષમ છે. વિમાન નિર્માતા કંપની બોઇંગના સહયોગથી યુનિવર્સીટી ઓફ કેમ્બ્રિજના સંશોધકોએ પેરેલલ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક પ્રપલ્શન સિસ્ટમથી ચાલનાર આ પ્રથમ વિમાનનું પરીક્ષણ કર્યું. આ સિસ્ટમમાં ઇલેક્ટ્રિક મોટર અને પેટ્રોલ એન્જીન બંને એક સાથે કામ કરે છે. આ વિમાન પેટ્રોલ એન્જીનની સરખામણીએ 30% ઓછું બળતણ વાપરે છે. આ એક સીટ વાળું વિમાન છે.

www.crackgpsc.com

- અભિનેતા અમિતાભ બચ્ચનને 'યશ ચોપડા મેમોરિયલ પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા. યશ ચોપડા મેમોરિયલ પુરસ્કારની શરૂઆત વર્ષ 2013માં હિન્દી ફિલ્મોના પૂર્વ નિર્માતા-નિર્દેશક યશ ચોપડાની યાદમાં ટીએસઆર ફાઉન્ડેશન દ્વારા કરવામા આવી હતી.
- સંશોધકોની એક આંતરરાષ્ટ્રીય ટીમે વિશ્વનું સૌથી નાનું કાનનું મશીન (hearing aid) વિકસાવ્યું. તેનું નામ 'નેનોપ્લગ' રાખવામાં આવ્યું. નેનોપ્લગની પૂર્વધારણા સૌ પ્રથમ નેવેના જીવિકે કરી. ત્યારબાદ ઔદ્યોગિક ડિઝાઈનર જોંગ લી, ઓડિયો એન્જીનીયર માલ્ડેન સ્ટાવરી અને ઇલેક્ટ્રિક એન્જીનીયર જોરાન મરિનોવિ દ્વારા પરફોર્મન્સ માટે પ્રયોગ કરવામાં આવ્યો. નેનોપ્લગ એટલું નાનું છે કે તેને સરળતાથી જોઈ કે શોધી ન શકાય. આ ડિવાઈસનો વિકાસ અમેરિકાની ફોટોનિકસ એન્ડ્યુરે નેનોબેટરી દ્વારા કરવામાં આવ્યો. તે રેતના એક કણના આકાર જેવું છે અને રીચાર્જીંગ વગર છ દિવસ સુધી કામ કરવા માટે સક્ષમ છે.
- ચીને નેપાળને આપવામા આવનારી નાણાંકીય મદદમાં 2015-16થી પાંચ ગણી વૃદ્ધિ કરી. ચીન આ સહાય નેપાળને તેના મૂળભૂત માળખાના વિકાસ માટે આપશે. નેપાળના રાષ્ટ્રપતિ રામ બરન યાદવ અને વડાપ્રધાન સુશીલ કોઈરાલા છે.
- વાયુ સેનાધ્યક્ષ એર ચીફ માર્શલ અરૂપ રાહાએ એર કમોડોર નીતિન સાઠે દ્વારા લેખિત પુસ્તક 'એ ફયુ ગુડ મેન એન્ડ ધ એન્ગ્રી સી'નું વિમોચન કર્યું. આ પુસ્તક એક વિંગ કમાન્ડર તરીકે લેખકની યાદોનું એક સંકલન છે જે સુનામી બાદ વાયુ સેના સ્ટેશન કાર્નીકોબારમાં પોસ્ટેડ હતા.
- ભારત સરકારે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈના 90મા જન્મદિવસને સુશાસન દિવસ તરીકે ઉજવ્યો. ગ્રામ્ય વિકાસ મંત્રાલયે સુશાસન દિવસને વડાપ્રધાન ગ્રામ સડક યોજના દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી. પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલયે દિલ્હીના અન્ય ક્ષેત્રોમાં પાંચ કિગ્રાના રસોઈ ગેસ સીલીન્ડરના વેચાણની શરૂઆત કરી. આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ વર્ષ 2020 સુધી તમામ બાળકોને પૂર્ણ રસીકરણ યોજનાની અંતર્ગત લાવવા માટે 'મિશન–ઇન્દ્રધનુષ'ની શરૂઆત કરી.
- પુરાતત્વવિદોએ ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનમાં બીજી ઈસા પૂર્વથી પાંચમી ઈસા પૂર્વ સુધીના બૌદ્ધ સંપ્રદાય સંબંધી મૂર્તિઓ અને કુષાણ રાજવંશકાલીન સિક્કાઓની શોધ કરી.
- વિજ્ઞાન મેગેઝીન 'નેચર'ની મુખ્ય 10 વૈજ્ઞાનિકોની વર્ષ 2014ની યાદીમાં ઈસરોના અધ્યક્ષ કે. રાધાકૃષ્ણનને સામેલ કરવામાં આવ્યા. એવું પ્રથમ વાર થયું છે કે કોઈ ભારતીય વૈજ્ઞાનિકને આ મેગેઝીને મુખ્ય વૈજ્ઞાનિકોની યાદીમાં સામેલ કર્યા હોય. ભારતના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માર્સ મિશનની સફળતામાં મહત્વની ભૂમિકા નિભાવવાના કારણે તેઓની દુનિયાભરમાં પ્રશંસા થઇ હતી.

www.crackgpsc.com

- બ્રિટીશ અભિનેતા ડેવિડ રયાલનું નિધન. હેરી પોટ્ટર એન્ડ ધ ડેથલી હેલોઝ પાર્ટ-1માં અલ્ફિયસ ડોઝની ભૂમિકા નિભાવનાર ડેવિડ રયાલ ખુબ જ લોકપ્રિય અભિનેતા હતા.
- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા SMS આધારિત ચક્રવાત ચેતવણી સિસ્ટમ શરુ કરવામાં આવી, જે ચક્રવાત, સુનામી અને મોસમ સંબંધી અન્ય પ્રાકૃતિક સંકટોની માહિતી ઉપલબ્ધ કરાવશે. આ સિસ્ટમ વડાપ્રધાન ડીજીટલ ઇન્ડીયા પ્રોગ્રામ હેઠળ સુશાસન દિવસે લોન્ચ કરવામાં આવી.
- BCCIએ સ્પિનર પ્રજ્ઞાન ઓઝા પર શંકાસ્પદ બોલિંગ એક્શનને કારણે પ્રતિબંધ મુક્યો. તેઓ ભારતીય બોલિંગમાં સૌથી ઝડપી 100 વિકેટ લેનાર એક માત્ર ખેલાડી છે.
- ઇન્ડોનેશિયાથી સિંગાપુર જઈ રહેલ એર ઇન્ડિયાનું એક વિમાન QZ 8501 એર ટ્રાફિક કંટ્રોલર્સનો સંપર્ક તૂટ્યા પછી ગાયબ થઇ ગયું. બાદમાં તેનો ભંગાર મળ્યો.
- સંશોધકોએ જાવા, બાલી અને અન્ય ઇન્ડોનેશિયન દ્વીપ સમૂહોમાં બીટલ જીન્સ ટ્રીગોનોપ્ટેરસની 98 નવી પ્રજાતિઓની શોધ કરી. તેમાંથી એક પ્રજાતિનું નામ પ્રસિદ્ધ અંગ્રેજી પ્રકૃતિવાદી સર ડેવિડ એટનબરોના નામે રાખવામાં આવ્યું.
- પાસાડેના, કેલીફોર્નીયામાં નાસાની જેટ પ્રોપલ્સન પ્રયોગશાળા (JPL)માં સંશોધકો દ્વારા અંતરિક્ષ કચરાને સાફ કરવા માટે ગેક્કો ગ્રીપર્સને વિકસાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.
- ઇંગ્લેન્ડના પૂર્વ બેટ્સમેન જ્યોફ પુલરનું નિધન થઇ ગયું. તેમનું ઉપનામ નોફી હતું.
- અંકિતા રૈનાએ વિશ્વ ટેનિસ સંઘ સર્કીટનો પોતાનો પ્રથમ આઈટીએફ મહિલા ટેનિસ એકલ ખિતાબ જીત્યો.
- ભારત ચીન બાદ દુબઈનું બીજા નંબરનું સૌથી મોટું વિદેશી વેપારી ભાગીદાર બની ગયું.
- ભાજપા અધ્યક્ષ અમિત શાહને મુંબઈની એક વિશેષ સીબીઆઈ અદાલતે સોરાબુદ્દીન શેખ અને તુલસીરામ પ્રજાપતિ નકલી એન્કાઉન્ટર મામલામાં મુક્ત કરી દીધા. અદાલતે કહ્યુ કે તેમની સામે કોઈ મામલો બનતો નથી અને તેમને રાજનૈતિક કારણોથી ફસાવવામાં આવ્યા છે.
- કોંગ્રેસે પોતાનો 130મો સ્થાપના દિવસ મનાવ્યો. 1885માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઇ હતી. પાર્ટીનું પહેલું સંમેલન 28 થી 31 ડિસેમ્બરની વચ્ચે મુંબઈમાં થયું હતું અને તેમાં 72 સભ્યોએ ભાગ લીધો હતો.
- કેન્દ્રીય વિદેશ મંત્રી સુષમા સ્વરાજે સીયોલમાં આયોજિત ભારત કોરિયા ગણ રાજ્ય જોઈન્ટ કમિશન મિટિંગની 8મી બેઠકમાં ભાગ લેવા દક્ષિણ કોરિયાની મુલાકાત લીધી.

www.crackgpsc.com

બેઠકની અધ્યક્ષતા સુષમા સ્વરાજ અને દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રી યુન બાયંગે સંયુકતપણે કરી. સુષમા સ્વરાજે દક્ષિણ કોરિયાના વેપાર, ઉદ્યોગ અને ઊર્જા મામલાના મંત્રી યુન સેંગ જીક સાથે પણ મુલાકાત કરીને મેક ઇન ઇન્ડિયા પ્રોગ્રામ માટે સહયોગ આપવાની વાત કરી.

- ભાજપ નેતા રઘુવરદાસે ઝારખંડના 10મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રઘુવરદાસ ઝારખંડના પ્રથમ બિન આદિવાસી મુખ્યમંત્રી છે. તેમને રાજ્યપાલ ડો. સૈયદ અહમદે પદ અને ગોપનીયતાના શપથ અપાવ્યા. રઘુવરદાસ ઝારખંડના મુખ્યમંત્રી બનનાર છઠ્ઠા વ્યક્તિ છે.
- પ્રખ્યાત મલયાલમ ફિલ્મ દિગ્દર્શક મધુ કૈથાપ્રમનું લાંબી બીમારી બાદ 44 વર્ષની વયે નિધન.
- મહેન્દ્રસિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની ઘોષણા કરી. તેમના નેતૃત્વમાં ભારત ટેસ્ટ રેન્કિંગમાં નંબર વન ટીમ બની. ધોની સર્વાધિક ટેસ્ટ મેચોમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરનાર કેપ્ટન છે.




*100 Most Imp questions in English*




www.crackgpsc.com